

ભક્તિ દર્શન

Bhakti Darshan

Issue 2015 - 2016

Vikram Samvat 2072

Shree Hindu Temple
& Community Centre

34 St. Barnabas Road, Leicester LE5 4BD
T: 0116 246 4590
www.shreehindutemple.net

શ્રી કૃષ્ણ ॐ શ્રી રામ

યદા યદા હી ધર્મસ્ય ગ્લાનિર્ભવતિ ભારત, અભ્યુત્થાનમધર્મસ્ય તદાત્માનં સૃજામ્હ્યમ.
પરિત્રાણાય સાધુનાં વિનાશાય ચ દુષ્કૃતામ ધર્મસંસ્થાપનાર્થાય સંભવામી યુગે યુગે.

ધર્મ કરતાં સતકર્મ ચઢિયાતું છે. કેમકે ધર્મ કરી ઈશ્વર પાસે માંગવું પડે, જયારે સતકર્મ કરો એટલે ઈશ્વરને આપવું જ પડે. જનહિત માટે કરેલા સતકર્મનું ફળ અચુક મળેજ છે. એટલે સતકર્મ કરતાં દુઃખ આવે તો માફી માંગવાને બદલે સદ્દબુધ્ધિ અને સહનશક્તિ માંગવી, જે તમને કદી નબળા ન પડવા દે અને હમેશાં મુઠ્ઠી ઉચ્ચેરા રાખે.

નવા વર્ષમાં સુખનો સરવાળો થાય, દુઃખની બાદબાકી થાય અને સેવાનો ગુણાકાર
થાય તેવું મીઠપ વાળું જીવન જીવી આપણે તો મોજમાં રહીએ
પરંતુ બીજાને પણ મોજમાં રાખીએ એવી શુભેચ્છાઓ સાથે
સર્વેને નવા વર્ષના નૂતનવર્ષાભિનંદન.

ભક્તો, સેવકો, કારોબારી સમિતિના સભ્યો,
પ્રમુખશ્રી તેમજ ટ્રસ્ટી મંડળના સર્વેને જય માતાજી
સાથે જય શ્રી રામ.

ભક્તિ દર્શન ॐ *Bhakti Darshan 2015 - 2016*


૮ પ્રાણપ્રતિષ્ઠા મહોત્સવ

૧૪ દિપાવલી

૧૬ અન્નકૂટ દર્શન

૧૮ તુલસી વિવાહ

૨૦ મહા શિવરાત્રિ

૨૨ હોળી

૨૪ શ્રી રામ નવમી

૨૫ શ્રી હનુમાન જયંતી

૩૦ શ્રાવણ માસ

૩૨ જન્માષ્ટમી

૩૪ શ્રી ગણેશ ચતુર્થી

૩૬ નવરાત્રિ

Contents

મંદિરના આંગણેથી	૪
આશિર્વચન	૬
મંદિર માહિતી	૭
મૂર્તિ પ્રાણપ્રતિષ્ઠા મહોત્સવ	૮
દિપાવલી	૧૪
ચોપડા પૂજન	૧૫
નૂતન વર્ષ ૨૦૭૧ - અન્નકૂટ દર્શન	૧૬
તુલસી વિવાહ	૧૮
મહા શિવરાત્રિ	૨૦
હોળી	૨૨
શ્રી રામ નવમી	૨૪
શ્રી હનુમાન જયંતી	૨૫
શ્રી સત્યનારાયણ કથા	૨૬
હિંદુ મંદિરનો ૧૮ મો પાટોત્સવ	૨૭
પુરુષોત્તમ માસ	૨૮
Shiv Abhishek for Children	29
શ્રાવણ માસ	૩૦
જન્માષ્ટમી	૩૨
શ્રી ગણેશ ચતુર્થી	૩૪
પિતૃ શ્રાદ્ધ ભાગવત કથા	૩૫
નવરાત્રિ	૩૬
શ્રી દુર્ગાષ્ટમી યજ્ઞ	૩૯
ધાર્મિક વ્રત	૪૦
શબરી સત્સંગ મંડળ	૪૧
રાંદલ માતાજી ના લોટા	૪૨
Major Events	44
સંતો અને મહેમાનો	૪૬
Visitors & Comments	48
Regular Activities	49
Core Beliefs of Hinduism	50
Bhagavad Gita and Its Relevance Today	52
Join the dots	55
શ્રી વીર વાછરાડાડા	૫૬
પૂજ્ય ત્રિકમજી બાપુ	૫૮
The story of Ramdevpir	60
શ્રીમત ભાગવત સપ્તાહ એટલે શું?	૬૧
ભાગવત ગીતા વિષે વિચારીએ	૬૨
ભક્તિ એવી હોવી જોઈએ કે...	૬૪
સુવાક્ય	૬૪
Yoga Changed My Life	65
School at Hindu Temple	66
The world of Indian CEOs	67
Shree Hindu Temple	68
Advertisers	69
આરતી, પ્રાર્થના	૧૧૫
ઉત્સવ દર્શન	૧૨૧
Festivals 2015 - 2016	128

Forthcoming Events

Santoshi Mataji Katha
Friday, 25 March 2016

સંતોષી માતાજી કથા
શુક્રવાર, ૨૫ માર્ચ ૨૦૧૬



Krishna Speaks
Bhagwat Katha 2016
by Pujya Bhaishri RameshBhai Oza

Save the date 26 July 2016 - 2nd August 2016 and be part of memorable event.

મંદિરના આંગણેથી

ભારતીય સંસ્કૃતિની ગરિમા ગીરનારના ગૌરવસમી ઝળહળી ઉઠે તેવી જ રીતે ઇંગ્લેન્ડની પાશ્ચાત્ય સંસ્કૃતિમાં શ્રી હિંદુ મંદિર અને કોમ્યુનીટી સેન્ટર એક નવોદીત સૂર્યના તેજ સમાન સ્થિર સતત અવિરત છે.

શ્રી હિંદુ મંદિર નાં આંગણે વિક્રમ સંવત ૨૦૭૧ ના નૂતનવર્ષના નૂતન સવારે દર્શનાર્થીઓ થી ઉભરાવા લાગ્યું. આજે લીલુડા પાન ના તોરણ, રંગબેરંગી રંગોળી અને વનસ્પતિઓ ધ્વારા શ્રી ઠાકોરજીના મંદિર ને દિવ્યતા અપાઈ. બ્રાહ્મણો ધ્વારા થતો વેદઘોશ સંભળાયો, અને સવારની મંગળા આરતી, સવારે ૯ કલાકે ભક્તો દ્વારા ભજન ની રમઝટ સાથે ૧૦ કલાકે શૃંગાર આરતી ના દર્શન થયા, મધ્યાન્હે ભોગ પીરસાયો. હવેથી રોજના ભોગ સમયના યજમાનો પણ પંચોપચાર પૂજા અને નિત્ય ભોગ ધરાવવાનો લાભ લેતા હોય છે. જેના નામો અને તારીખ નોધાવવાનું કાર્ય ચાલુ જ છે.

આમ ભક્તો ની સંગાથે મધ્યાહ્નનું કાર્ય સંપન્ન કરી અન્નકુટની તૈયારી શરુ થઈ. અન્ન- અનાજ, કૂટ- પર્વત આમ અનાજ ના ભવ્ય પર્વત ના રૂપમાં અન્નકૂટ પીરસાયો અને શ્રી ગોવર્ધન નાથ ની આરતી પૂજા થઇ. જેના મુખ્ય ભાગ્યશાળી યજમાન મહેશભાઈ દવે અને પરિવારે યશ પ્રાપ્ત કર્યો. જેના LIVE દર્શન મોટેભાગે વેબસાઈટ પર આખી દુનિયા કરી શકે છે.

તુલસી વિવાહ

દેવપ્રબોધીની એકાદશી તુલસી વિવાહ નો પ્રસંગ આપણા નવનિર્મિત હોલમાં ઉજવાયો. આ પ્રસંગે શક્તી મંદિર શાલીગ્રામ ભગવાનની જાન લઇ સહભાગી થયા. શબરી મંડળે મામેરું કર્યું અને અલ્પાહાર લઈ વિદાઈ લીધી.

શિવરાત્રી

શિવ ભક્તોએ સવારથીજ આનંદ અને ભાવ થી ભોળાનાથ ને દૂધ ધરવી શિવરાત્રી ઉજવી અને આજ પ્રક્રિયા સાંજે ૯-૧૦ વાગ્યા સુધી ચાલુ રહી દરમિયાન બ્રહ્મણોએ રુદ્રમંત્રો ના પાઠ કર્યા. આબાજુ અવિરત ભાંગ વિતરણ પણ ચાલુ રહ્યું. અને ભાવિક ભક્તો દ્વારા મંદિર માં દાન પણ થયા સાંજે મોટી સંખ્યા માં સમૂહ શિવ આરાધન અને અભિષેક થયો.

હોળી

ભારત માં તો ફાગણ માસ પ્રારંભ ના એંધાણ કેસુડા ના કેસરી ફૂલો કરતા હોય છે. જયારે અહીં માત્ર હોળી પ્રગટે અને તે જ સમયે થોડો ગુલાલ ઉડાવી ધુળેટી ઉજવાઈ છે. જેમાં મોટી સંખ્યામાં ભક્તો ભેગા થતા હોય છે, એ જ પ્રસંગ સ્પીનીહીલ પાર્ક માં ઉજવાયો. મંદિરના કરોબારી સક્રિય સભ્ય અને મંદિરના નિત્ય દર્શનાર્થી શ્રીમતી રાંભીબેન તથા પોલીસ ઓફિસરોએ પણ પૂજા માં ભાગ લીધો. હોળી ના બે ત્રણ દિવસ થી જ પાંચ થી છ હજાર ધાણી ના પેકેટ બનાવવા, ધાણી ફોડવી, ફાયર બ્રિગેડ, પોલીસ ડીપાર્ટમેન્ટ, કાઉન્સીલ પરમીશન જેવા ઘણા કાર્યો થયા. ઘણી મોટી સંખ્યા માં આવતા ભક્તો ને ખાસ વિનંતી તમારી ભેટ ત્યાં મુકેલા ડોનેશન બોક્ષ માં મુકશો, હોળી માં પધરાવવા થી હોળી માતા પ્રસન્ન થશે એવું નથી, પરંતુ પૈસા નો દુરુપયોગ થાય છે. મંદિર તમારી સુવિધા જાળવવા ઘણો ખર્ચ કરે છે તો તમારા દાન નો સદુપયોગ થાય, સાથે આ કાર્યો પાર પાડવા સ્વયંસેવકોની પણ જરૂર પડે છે માટે યુવાન ભાઈ બહેનો ને આગળ આવવા વિનંતી છે.

ચૈત્ર માસ

ગુડીપડવો એટલે ચૈત્ર માસ નો આરંભ. સવારની ૧૦ વાગ્યાની ની આરતી બાદ રામ પરિવાર ની સ્થાપના થઇ સાથે રામાયણ ના પાઠ નો પ્રારંભ થયો મોટી સંખ્યા માં ભક્તો સાથે મંદિર ના અર્ચકો એ ભાગ લીધો શુશીલાબેન સાથે ચંચલમાસી અગ્રેસર બન્યા અને સવાર સાંજ મળી રામાયણના પાઠની પૂર્ણાહુતી રામ નવમી એ થઇ જેમાં શ્રી દિલીપભાઈ જોશી એ છેલ્લી ચોપાઈ પૂરી કરી રામભગવાનને પાઠ અર્પણ થયો. રામ નવમી નો પ્રસંગ શ્રી મહેશભાઈ ત્રિવેદી અંને તેમના પરિવાર સાથે મધ્યાહ્ન કાલે ઉજવાયો.

સાથે આજ માસમાં હનુમાન જયંતી નો પ્રસંગ ઉજવાયો, બપોરે ૧૨ કલાકે આરતી થઈ અને સાંજે મધુભાઈ સોની અને રામ ભક્તો એ હનુમાનજી અભિષેક અને હવન વિગેરે કર્યા અને રાતે વિદાઈ લીધી.

જેઠ મહિનામાં વડસાવિત્રી પૂનમ નો વ્રતોત્સવ ઉજવાયો. ઘણી બધી બહેનોએ સાથે પૂજા કરી, અખંડ-સૌભાગ્ય પ્રાપ્ત કરવા વડની પૂજા બાદ પ્રદક્ષિણા થઈ.

અધિક માસમાં સવાર થી જ ભગવાન ની સ્થાપન પૂજા થઇ સરસ નયન રમ્ય ભદ્ર મંડળ ની સ્થાપના કરવામાં આવી ઘણા ભક્તોએ ભાગ લીધો ભગવાન સત્યનારાયણ ની કથા પણ અધિક માસ નિમિતે થઇ શ્રી જયેશભાઈ ભટ્ટ અને કિરણભાઈ એ ભાવગીત દ્વારા પુજા કરાવી કથા થઇ જેના મુખ્ય યજમાન શ્રી પ્રફુલ પંડ્યા અને એમના પરિવારે ભાગ લીધો. અમાસ ને દિવસે હવન મંદિર ના અર્ચક શ્રી કિરણભાઈ એ કરાવ્યો, અને સવારે સ્કેગ્નેસ સાગર યાત્રા થઈ.

શ્રાવણ માસ

શ્રાવણ માસ દરમિયાન દર સોમવારે શિવ આરાધના કરવામાં આવી મંદિર સવારે ૬.૩૦ વાગ્યે ખોલવામાં આવ્યું, અને સાંજે શિવ અભિષેક થયો. સાથે ઇંગ્લેન્ડની ધરતી પર કદાચ પ્રથમ વાર સંપૂર્ણ માસ પર્થીવેશ્વર ભગવાન નું પૂજન થયું. ભાદરવા માસ માં પાર્થિવ ગણેશ નો ઉત્સવ ઉજવાયો. અને વિસર્જન માટે કોચ ટ્રીપ નું આયોજન થયું.

ભાદરવા માંસ ની પિતૃ કથા શ્રી છગનભાઈ જોશી દ્વારા થઈ, જેમાં ભક્તો એ પિતૃ શાંતિ માટે કથા શ્રવણ, પિતૃ તર્પણ, હવન, દાન ઈત્યાદી થયા. સપ્તાહ માં ઉજવાતા પ્રસંગોમાં ભાગ લીધો હતો, રોજ પ્રશાદી લઈ, અમાસ ના દિવસે હવન કરી પુર્ણાહુતી થઇ.

નવરાત્રી

રાજકોટ થી પધારેલ શ્રીકાંત ભાઈ નાયર અને કલાકારો દ્વારા નવરાત્રીના નવ દિવસ ગરબાનો કાર્યક્રમ થયો. રોજ ભક્તોની ભીડ મંદિરમાં વધતી ગઈ, મંદિરનું આંગણું જાણે ભારતમાં યોજાતા મેળા જેવું દેખાવા લાગ્યું. ખાણી પીણીના સ્ટોલ, આવનાર ભક્તોની સુરક્ષા, સલામતીની વ્યવસ્થા તથા પોલીસ વ્યવસ્થા કરવામાં આવી અને અષ્ટમીના હવનની તૈયારી થઈ જેમાં

ભક્તોએ મોટી સંખ્યા માં ભાગ લીધો. 'કલૌ ચંડી વિનાયકૌ' ના સિદ્ધાંત થી ત્યોવહાર આનંદ થી ઉજવાયો.

સંતો ના આગમન

ઉનાળા થી જ સંતો ના આગમન થી મંદિર પાવન થયું. સુરત થી પધારેલ ભરતભાઈ ભજનિક, ક્ષિપ્રાનન્દ બાપુ, સંત ચીન્મયાનંદ બાપુ, ધર્માત્માનંદ મહારાજ, દિલીપભાઈ જોશી, રમણીકભાઈ દવે, સંજય કૃષ્ણ ઠાકુર, કનુભાઈ રાજગુરુ, આનંદમૂર્તિ દીદીમાં, મિતેશ ભાઈ, અને દીદીમા રુતુંભરાજી તથા, છગનભાઈ જોશી ની કથા સાથે મંદિર ગુંજી ઉઠ્યું.

મંદિરનું આંગણું ભક્તો દ્વારા રોજ પ્રવૃત રહેલ છે. રવિવાર એટલે ભક્તો નો વાર દરેક આરતી માં ભીડ, સવારથી દર્શનાર્થી ઓની અવરજવર, રોજના ભજનો અને અન્ય પ્રસંગો માટે હોલ અને મંદિર પ્રવૃત હોય છે. સોમવારે સવારે યોગાના ક્લાસ, બપોરે શબરી મંડળ સત્સંગ અને આખો દિવસ શિવ ભક્તો ની અવરજવર, મંગળવારે માતાજી અને હનુમાનજીના ભક્તો નું આવાગમન અને સાંજે બાળકો ના ઈંગ્લીસ, મેથ્સ અને સાયન્સ ના કલાસ સાથે દિવસ પૂરો થયો. બુધવારે માનવ સેવા દ્વારા ઓલ્ડ પીપલ ડે સેન્ટરનુ આયોજન, ગુરવારે બપોરે શબરી મંડળ સત સંગ. શુક્રવારે ડિસેબલ પીપલ કલાસ નું આયોજન અને શનિવારે ભજન દ્વારા આખો દિવસ ભક્તો થી મંદિર ભરેલું રહે છે.

મંદિર માં આ વર્ષે પતંજલિ યોગ શિબિરનું આયોજન થયું જેમાં ભક્તો એ મોટી સંખ્યામાં ભાગ લીધો. પ્રવાસ માટે પણ મંદિરે કોચ ટ્રીપ નું આયોજન કર્યું સ્કેગ્નેસ, લિવરપૂલ, વેસ્ટ મિડલેન્ડ મંદિરો ની યાત્રા નું આયોજન થયું.

આ મંદિર આપણા બધાનું છે, ખાસ બાળકો માટે મંદિર ગુરુ અને શુક્રવારે ગુજરાતી કલાસ જેવી પ્રવૃત્તિઓથી મંદિર ધબકતુ રહે છે.

આવો તન મન અને ધન થી મંદિરમાં તમારી સેવા આપી પુણ્યાર્થી બનો.

આશિર્વચન

સંસારપંક નીર્મગ્ન સમુદ્ધરણ પંડિતા

શ્રી કિરણભાઈ પાધ્યા



શ્રી જયેશભાઈ ભટ્ટ

શ્રી નટુભાઈ આચાર્ય

માં જગદંબાના ચરણોમાં વંદન કરી પ્રત્યેક મનુષ્યના અંતરમાં વિરાજમાન પ્રભુને વંદન.

નૂતન વર્ષ વિક્રમ સવંત ૨૦૭૨ પ્રત્યેક માનવીને સુખ, સમૃધ્ધિ અને ઐશ્વર્ય પ્રદ બને. સર્વને સારું આરોગ્ય પ્રાપ્ત થાય, પરિવારમાં રહેલું પ્રેમનું અમૃત વધુ મધુર બને તથા તૂટેલા પ્રેમના તાર ફરી બંધાય, એજ શ્રી હિંદુ મંદિરના આંગણેથી બ્રાહ્મણવૃન્દ તરફથી શુભ આશિર્વાદ. શ્રી હિંદુ મંદિરના દ્વારે આવનાર પ્રત્યેક વ્યક્તિના મનનું સમાધાન થાય, મનોકામના પૂર્ણ થાય તથા પ્રભુ પ્રત્યે આપણી શ્રદ્ધા વધુ દ્રઢ થાય, તથા વ્યવહારમાં નિતી અને શુધ્ધતા જાળવવાની શક્તિ મળે તેવી પ્રભુના ચરણોમાં પ્રાર્થના.

નિર્ગુણ, નિરાકાર, સર્વવ્યાપક પરમાત્માને આપણે પિતા સ્વરૂપે ભજીએ છીએ અથવા માં સ્વરૂપે ભજીએ છીએ. પ્રભુ આપણા પ્રેમનો હંમેશા સ્વિકાર કરવા તત્પર રહેતા હોય છે. માટેજ ઋષિઓએ માં જગદંબાની સ્તુતિ કરતા કહ્યું છે કે *"સંસારપંક નીર્મગ્ન સમુદ્ધરણ પંડિતા"*. હે માં, તમો સંસારમા રહેલા રાગ-દ્વેષ, માન-અપમાન તથા સુખ-દુઃખ રૂપી કાદવમાં થી આ જીવ રૂપી બાળકોનો ઉધ્ધાર કરનારા છો.

શ્રીમદ ભાગવત્ પુરાણમાં, પરમ ભગવદ્ ભક્ત શ્રી વૃત્રાસૂર આવાજ ભાવથી ભગવાનની પ્રાથના કરતા કહે છે કેઃ

મમોત્તમ-શ્લોક-જનેષુ સખ્યં સંસાર-ચક્રે ભ્રમતઃ સ્વકર્મભિઃ ।
ત્વન્માયયાઽત્મજ-દાર-ગેહેષ્વાસક્ત- ચિત્તસ્ય ન નાથભૂયાત ॥

હે પ્રભુ, મારા કર્મના ફળ સ્વરૂપ મારે વારંવાર આ સંસારમાં જન્મ લેવો પડે, તો મને ભક્તોના કુળમાં જન્મ આપજો, ભક્તોનો સંગ આપજો. પરંતુ આપની માયાથી મોહપામી આ મારું ઘર, આ મારી પત્ની, આ મારા સંતાનો વગેરેની આસક્તિમાં રમતા લોકોના સંગથી હંમેશા દૂર રાખજો. આપણે પણ આ પ્રમાણે પ્રભુના ચરણોમાં પ્રાર્થના કરી, આપણું જીવન સેવાની સુવાસ અને સત્સંગના ઉજાસથી ઉજળુ કરી માનવ જીવન સાર્થક કરવાનો શુભ સંકલ્પ કરીએ.

ઇતિ શુભમ

SHREE HINDU TEMPLE & COMMUNITY CENTRE

34 St. Barnabas Road
Leicester LE5 4BD
Tel: (0116) 246 4590
E: info@shreehindutemple.net
W: www.shreehindutemple.net

Year 21	વર્ષ: ૨૧
Issue 152	અંક: ૧૫૨
November 2015	નવેમ્બર ૨૦૧૫
Free Distribution	વિના મુલ્યે

Bhakti Darshan Team:

Bhikhubhai Kotecha
Bhartiben Kotecha
Jayeshbhai Bhatt
Dilipbhai Joshi
Rajiv Vaiyata
Ram Odedra

Trustees:

Dr Bhimabhai Odedra (Chair)
Pareshbhai Patel, Jivabhai Odedra
Vrajlalbhai Karia, Rajeshbhai Unadkat

ઓફીસ ખુલવાનો સમય:

સવારના 10.30 થી 1
અને બપોરના ૩ થી ૮

Mandir's Office Opening Times:

10.30am - 1pm and 3pm - 8pm

Bhakti Darshan is published by Shree Hindu Temple and Community Centre. The opinions and views expressed in Bhakti Darshan are views of the authors alone and are not necessarily those of the Editor, the Editorial Board and the Shree Hindu Temple and Community Centre. Advertisement and articles are published without responsibility on part of the Shree Hindu Temple & Community Centre. Whilst every reasonable care is taken Shree Hindu Temple and Community Centre can not be held responsible as a result of any loss occasioned by any persons acting or refraining from action as a result of views and opinions expressed. No parts of this publication may be reproduced, stored or transmitted in any form without prior written permission of Shree Hindu Temple. We welcome comments. Letters should be addressed to the Editor.

Printed by:
EVOLUTION PRINT AND DESIGN LIMITED
T: 0330 010 0004 E: sales@evolutiondc.co.uk
W: www.evolutiondc.co.uk

મંદિર ખુલવાનો સમય:

સવારના ૭ થી ૧ અને
બપોરના ૩ થી ૮ ખુલ્લું રહેશે.
શનિવાર–રવિવાર, તહેવારો તથા બેન્ક હોલીડે
આખો દિવસ ખુલ્લું રહેશે.

આરતી:

મંગળા આરતી સવારના	૭.૩૦
શૃંગાર આરતી સવારના	૧૦
સંધ્યા આરતી સાંજના	૭

ઉપરાંત ઉપરના સમય દરમ્યાન થાળ,
પ્રાર્થના–ભજન પણ ચાલુ રહેશે.

Mandir's Opening Times:

7am to 1pm and 3pm to 8pm
Mandir will be open all day on
Saturday, Sunday, Special Religious days
and Bank Holidays

Arti Times:

Mangal Arti	7.30am
Shrungar Arti	10.00am
Sandhya Arti	7.00pm

મંદિરની પ્રવૃત્તિ

- દર સોમવાર, ગુરુવાર અને અગિયારસના દિવસોએ બપોરના ૨.૩૦ થી ૪.૩૦ વાગ્યા સુધી શ્રી હિંદુ મંદિર શબરી સત્સંગ મંડળના ભજન કિર્તન હોય છે.
- બાળકો માટે ગુજરાતી વર્ગો દર ગુરુવારે અને શુક્રવારે સાંજના ૫ થી ૭ વાગ્યા સુધી હોય છે. તો તમારા બાળકોને ગુજરાતી શીખવો અને ગુજરાતી વર્ગમાં દાખલ કરો.
- અંગ્રેજી અને ગણિત (મેથ્સ) ના ટ્યુશન વર્ગો દર મંગળવારે સાંજના ૬ થી ૭ વાગ્યા સુધી હોય છે.
- મંદિરમાં ભજન-કિર્તન, ધાર્મિક કાર્યક્રમો, જમણવાર, સાંજીના ગીત, બર્થડે પાર્ટી, મિટિંગ, લગ્ન વિધિ વગેરે માટે હોલ – રસોડું, વાસણો મળી શકશે. શ્રી જલારામ પ્રસાદી કોઈ પણ રવિવાર માટે નોંધાવી શકશો.
- ભક્તિ દર્શન પોસ્ટ દ્વારા મોકલવાનો પોસ્ટેજ ખર્ચ £૧૦ છે. પરદેશ મોકલવા માટે £૧૫ છે.
- મંદિરમાં દર મહિનાના પહેલા શનિવારે સવારે ૧૧ થી ૧ વાગ્યા સુધી વિના મૂલ્યે વકીલ દ્વારા કાનૂની સલાહ આપવામાં આવે છે.

મૂર્તિ પ્રાણપ્રતિષ્ઠા મહોત્સવ

પૃથ્વી નો પ્રાણ એટલે વાયુ અને પાણી, શરીર નો પ્રાણ એટલે શ્વાસ એમજ મંદિર નો પ્રાણ એટલે પ્રતિષ્ઠિત ઈશ્વર

દેવપ્રતીમા	મુખ્ય યજમાન
શ્રી રાંદલ માં	સુરેન્દ્રભાઈ રતિલાલ નાકેશ્રી અને પરિવાર
શ્રી વિશ્વકર્મા	જીજ્ઞેશ રામજીભાઈ વાજા અને પરિવાર
શ્રી સાઈ બાબા	નાગજણભાઈ ઓડેદરા અને પરિવાર
શ્રી જલારામ બાપા	ગંગાબેન નારનભાઈ મિસ્ત્રી અને શર્મીલાબેન રાજેન્દ્રભાઈ મિસ્ત્રી
શ્રી શીતળા માં	જયશ્રીબેન રણજીતભાઈ સોનેગ્રા અને પરિવાર
શ્રી બળિયા દેવ	વજિયાબેન નાનજીભાઈ ચોહાણ
શ્રી પાર્વતી માતાજી, ગંગામૈયા, નંદી અને કુર્મ	ત્રિવેણીબેન મહેશભાઈ દવે અને પરિવાર
નુતન મૂર્તિ મહોત્સવ યજમાન	
શ્રી રામદેવજી પરિવાર	માંડળ ભાઈ ઓડેદરા અને પરિવાર (મૂર્તિ દાતા - કાનાભાઈ ગોઢાંણીયા અને પરિવાર)
શ્રી વાછરા ડાડા, આવળ માતાજી	દિલીપભાઈ ઓડેદરા અને પરિવાર
શ્રી ત્રિકમજી બાપુ	બર્ડાઇ બ્રહ્મસમાજ યુ.કે. (શાંતિભાઈ થાનકી) પ્રતિનિધિ

પ્રતિષ્ઠા નું મહત્વ

પ્રકરશેણ + તિષ્ઠતિ + દેવ ઈતિ = પ્રતિષ્ઠિત દેવ (પ્રતિષ્ઠા) તસ્ય ક્રિયા પ્રતિષ્ઠા

આવો ઘણા અર્થો માંથી એક સામાન્ય અર્થ વિદ્વાનો કરે છે. પ્રકર્સતા પૂર્વક તિષ્ઠતિ (ઉભા રહે છે) તે પ્રતિષ્ઠિત દેવ.

'નાસ્તી પ્રતિષ્ઠા સમો રીપુહું' એટલે કે કર્મકાંડ વિધિમાં બ્રાહ્મણો માટે પ્રતિષ્ઠાની વિધિ કરવી તે એક સમર્થ વેરી સામે ઉભું રહેવા બરાબર છે, કારણ તેમા ખુબજ ઝીણવટતા પૂર્વક કામ કરવું પડે. પ્રતિષ્ઠા એ બે, ત્રણ, પાંચ, અને સાત દિવસ સુધીનું કર્મ છે. જેનો અધિકાર કેવલ બ્રાહ્મણ યજમાન ને જ છે.

શિલ્પી ની કલા-કારીગરી વખતે જે કાંઈ પણ તેમના હથિયાર દ્વારા પથ્થરને આઘાત કરવાથી દોષ લાગે છે, તેનું પ્રાયશ્ચિત્ત અને સુદ્ધીકરણ કરવામાં આવે છે.

પ્રતિષ્ઠા ઇન્ડેક્સ

સર્વ પ્રથમ યજમાનો દ્વારા પ્રાયશ્ચિત કરવામાં આવ્યું. ત્યાર પછી પંચાંગ કર્મ, કર્મકુટીર, જલાધીવાસ, અગ્નીસ્થાપન, ગ્રહહોમ, ધાન્યાધીવાસ, જલયાત્રા, શોભાયાત્રા, મહાસ્નપન, શાંતિક-પૌષ્ટિક હોમ, મહાન્યાસ, શય્યાધીવાસ, દેવતાસ્થાપન, સ્થિરીકરણ, અચલ પ્રાણ પ્રતિષ્ઠા અને પુર્ણાહુતી સુધી નું કર્મ કરવામાં આવ્યું. જેમાં આચાર્ય પદે શ્રી યોગેશભાઈ શુકલ સાથે અગિયાર ભૂદેવો બિરાજીત થયા હતા.

મૂર્તિ પ્રાણ પ્રતિષ્ઠા ના મુખ્ય યજમાનો

શ્રી રાંદલ માતાજી Shree Randal Mataji	સુરેન્દ્રભાઈ રતિલાલ નાકેશ્રી અને પરીવાર Mr Surendrabhai Ratilal Nakeshree & Family
શ્રી વિશ્વકર્મા Shree Vishvakarma	દિવ્યેશભાઈ રામજીભાઈ અને પરીવાર Mr Divyeshbhai Ramjibhai & Family
શ્રી સાંઈબાબા Shree Saibaba	નાગાજનભાઈ ઓડેદરા અને પરીવાર Mr Nagajanbhai Odedra & Family
શ્રી જલારામ બાપા Shree Jalarambapa	દાયાભાઈ મનજી અને પરીવાર Mr Dayabhai Manji & Family
શ્રી શીતલામાં Shree Shitlama	રણજીતભાઈ સોનેગા અને પરીવાર Mr Ranjitbhai Sonegra & Family
શ્રી બલ્યાદેવ Shree Baliyadev	
શ્રી પાર્વતી માતાજી, ગંગામૈયા, નાન્દી, કુર્મ Shree Parvati Mataji, Gangaji, Nandi, Kurma	ત્રીવેણીબેન દવે અને પરીવાર Mrs Triveniben Dave & Family
શ્રી રામદેવ પીર Shree Ramdev Pir	માંડણભાઈ ઓડેદરા અને પરીવાર Mr Mandalbhai Odedra & Family
શ્રી ત્રીકમજી મારાજ Shreee Trikamji Maraj	બ્રમ્હ સમાજ Shree Brahm Samaj
શ્રી વાછરા ડાડા, આવળમાં Shree Vachradada, Avadma	દિલીપભાઈ ઓડેદરા અને પરીવાર Mr Dilipbhai Odedra & Family

Shree Hindu Temple
& Community Centre

Shree Hindu Temple & Community Centre
34 St. Barnabas Road, Leicester, LE5 4BD
Tel: 0116 246 4590 | Email: info@shreehindutemple.net
www.shreehindutemple.net
Registered Charity No:701758

શ્રી હિંદુ મંદિર

પુનઃ પ્રાણ પ્રતિષ્ઠા મહોત્સવ
૩ દિવસ નો ભવ્ય ઉત્સવ
તા.૩૦/૦૧/૨૦૧૫ થી ૦૧/૦૨/૨૦૧૫

નુતન મૂર્તિ પ્રાણ પ્રતિષ્ઠા

Pran Pratistha Mahotsav
Friday 30th January to Sunday 1st February 2015

પૂર્વ ભૂમિકા

દરેક કર્મ ઈશ્વર દ્વારા નિર્ધારિત હોય છે. આજથી ચાર વર્ષ પહેલા કોઈ એક ભક્ત દ્વારા શ્રી વીર વાછરાડાડા અને રામદેવપીર ના ચિત્રો મંદિરમાં મુકવામાં આવ્યા, જેને ધીરે ધીરે ભક્તો દર્શન કરી ભેટ અપર્ણ કરવા લાગ્યા. મંદિરના મહારાજ દ્વારા એક સારી જગ્યાએ બિરાજીત કરવામાં આવ્યા, મંદિરના કાર્યકર્તા એમની પાસે આવેલી ભેટ જુદી રાખવા લાગ્યા કે કદાચ ભગવાનની ઈચ્છા હોય તો મૂર્તિ મંગાવિશું, પણ ઈશ્વરે જુદુંજ ધાર્યું હતું. જેથી વાછરાડાડા, રામદેવપીર, પરિવાર ની મૂર્તિ માંડળભાઈ ઓડેદરા, દિલીપભાઈ ઓડેદરા અને કાનાભાઈ ગોઢાંણીયા દ્વારા ભારત થી મંગાવવામાં આવી.

મંદિર નું નવનિર્માણ

મંદિરના સશક્ત કર્યાકર્તા ડો. ભીમાભાઇ ઓડેદરા, ભીખુભાઈ કોટેચા, વગેરે અન્ય વડીલો ના અનુશાસનમાં જયારે મંદિરના અમુક ભાગનું નવ નિર્માણ થયું ત્યારે તેમણે ખુબજ બુદ્ધિપૂર્વક પહેલાની જગ્યામાં જ બધી મૂર્તિઓ સાથે આ દેવો ની પણ જગ્યા નો સમાવેશ કરી લીધો જેથી ભક્તો ની પણ વ્યવસ્થા જળવાઈ રહે. તે ખરેખર પ્રસંસનીય છે.

પ્રતિષ્ઠા પ્રારંભ

જોત જોતામા એ સમય આવ્યો, સુંદર મંદિર મા સજાવટ થવા લાગી, અને વી.સં.૨૦૭૧ મહાસુદ, એકાદશી, તા. ૩૦ જાન્યુઆરી ૨૦૧૫ શુક્રવાર સવારે નવ વાગ્યે પ્રતિષ્ઠા નો પ્રારંભ થયો. જાણે હિંદુ મંદિર ઉપર ભગવાન વરસ્તો હોય તેમ સુકન સમો ધીરો ધીરો સ્નો, બરફ પડવા લાગ્યો. છત્તા પણ મંદિરમાં માનવ મહેરામણ ઉમટવા લાગ્યો અને ત્રણ દિવસ સુધી ભવ્ય જોર શોર થી પ્રતિષ્ઠા પૂર્ણ થઈ.

કુટીરહોમ, જલાધીવાસ

ભગવાન નો કુટીરહોમ નામનો યજ્ઞ થયો. મોટા મોટા તપેલા વગેરે વાસણોમાં જુદા જુદા તીર્થજળ ભરી મંત્રોચ્ચાર પૂર્વક ભગવાનની પ્રતિમા ને તેમાં ડુબાડવામાં આવી. જેથી શીતળતા અને પ્રતિષ્ઠા નું એક કર્મ, પહેલું પગથીયું પૂરું થયું.

જલયાત્રા, શોભાયાત્રા

પ્રતિષ્ઠા ની યજ્ઞશાળા મા પ્રવેશ કરવાની એક વિધિ ને પણ જળયાત્રા કહે છે. જેમાં નાની નાની બાળાઓ અને બહેનો સુંદરમજાના કળશ લઇ અને જળ ભરી, ઉપર શ્રીફળ રાખી અને પૂરી યજ્ઞશાળાની પ્રદક્ષિણા કરે છે. ત્યાર પછી યજમાનો ને યજ્ઞ કરવા માટે પ્રવેશ મળે છે. જેમાં દરેક નદી અને સમુદ્ર નું પાણી ભરવામાં આવે છે. મંદિરમાં આ દ્રશ્ય જોતા એવું લાગતું હતું કે જાણે સાક્ષાત જગદંબા એક સાથે અનેક રૂપ લઈને પધાર્યા હોય.

મહાસ્નપન

મહાસ્નપન એટલે કે ભગવાન ઉપર જુદી જુદી અનેક પ્રકાર ની ઔષધી ને અલગ અલગ ૧૦૮ કળશ મા ભરવામાં આવે અને એ બધાજ કળશ ને એક અનોખા યંત્ર ના રૂપ મા ગોઠવણી કરવામાં આવે છે. (જે તમે ફોટામાં નિહાળી શકો છો.)

ત્યાર પછી દરેક મૂર્તિ ઉપર એ જળ દ્વારા યજમાનો મહા-અભિષેક કરે છે અને બ્રાહ્મણો વૈદિક મંત્ર નો પાઠ કરે છે. હિંદુ મંદિરમાં આ દ્રશ્ય થી એવું લાગતું હતું કે જાણે કોઈ ભવ્ય રાજતિલક નું આયોજન થયું હોય. આ દરેક વિધિ થવા લાગી અને દરેક મૂર્તિ મા દૈદીપ્યમાન તેજ પ્રગટ થતું ગયું.

મહાન્યાશ

ભગવાન ની દરેક પ્રતિમાઓના મહાન્યાસ કરવામાં આવ્યા. એટલે કે દરેક મૂર્તિના શરીરના એક એક અંગને મંત્રો સાથે શુદ્ધીકરણ, ચૈતન્ય પ્રાગટ્યની વિધિ ને મહાન્યાશ કહે છે. જેમાં એક ભૂદેવ વિધિ કરાવે અને બીજા ભૂદેવો તે મંત્રની સાથે સાથે દર્ભ ની સલાકા લઇ અને મૂર્તિના અંગને સ્પર્શ કરતા જાય,જે એક અતિ અગત્યની વિધિ હોય છે.

શાન્તિક-પૌષ્ટિકહોમ

ભૂદેવો દ્વારા ભવ્ય યજ્ઞ અને આહુતિ ની સુંદર જલક. જ્યારે યજ્ઞ ચાલે અને મંત્રોચ્ચાર થતો હતો ત્યારે એવો આભાસ થતો હતો કે જાણે કોઈ તક્ષશીલા, કે નાલંદા જેવી મહા વિશ્વવિદ્યાલય ના પ્રાચીન યજ્ઞ ની સુગંધ હોય. આવી શ્રી હિંદુ મંદિર અનેક યાદગાર સ્મૃતિ ક્યારેય નહી ભૂલાય તેવી છે.

શય્યાધીવાસ

ભગવાનની પ્રતિમાઓ ને સુંદર નૂતન ઉનની ચાદર ઉપર શયન કરાવવામાં આવે છે. જેમાં પવિત્રતા ને સતત જાળવી રાખવા માટે દર્ભ પણ મુકવામાં આવે છે.

પ્રાણપ્રતિષ્ઠા

અંતમાં મૂર્તિમાં પ્રાણ પુરવામાં આવે છે. અને દરેક દેવ ને તેમના સ્થાને તેમના યજમાનો દ્વારા પ્રતિષ્ઠિત કરવામાં આવ્યા તેની એક યાદગાર ઝાંખી.

પુર્ણાહુતી યજ્ઞ

પ્રતિષ્ઠા નું કર્મ વિરામ થયા પછી યજ્ઞ વિરામ માટે દરેક યજમાને એક સાથે મોટી અગ્નિની જ્વાળામાં સાક્ષાત યજ્ઞનારાયણ ને પુર્ણાહુતી નું શ્રીફળ અર્પણ કર્યું હતું.

દ્વજારોહણ

નૂતન પ્રાણપ્રતિષ્ઠા ના અંત મા નૂતન ધ્વજા નો ચડાવો કરવામાં આવ્યો જેમાં દિલીપભાઈ ઓડેદરા અને પરિવારે ખુબજ સુંદર સાથ આપ્યો અને ભેટ ન્યોછાવર કરી આ લાભ લીધો હતો.

આભારદર્શન

આ દિવ્ય પ્રસંગે મંદિર તરફ થી માનનીય પ્રમુખ શ્રી ભીખુભાઈ કોટેચા અને ટ્રસ્ટી બોર્ડ ના ચેરમેન શ્રી.ડો. ભીમાભાઇ ઓડેદરાએ યજમાનો, ભક્તો, અને ભૂદેવો નું આભારદર્શન કર્યું હતું.

વિવરણ

શ્રી હિંદુ મંદિર ને આંગણે આવા ભવ્ય ઉત્સવ આપ સોં ભક્ત સમુદાય ના સહકાર અને આપણા દ્વારા મળતી દાન રાશી થીજ શક્ય બને છે. આ પ્રસંગમાં સુંદર અન્ય સાંસ્કૃતિક પ્રોગ્રામ નું આયોજન પણ કરવામાં આવ્યું હતું. સંજોગોવસાદ શીતળા માં ની પ્રતિષ્ઠા શક્ય ના બની જે આ વર્ષમાં ભગવાનની દયા થી શક્ય બને તેવો પ્રયાસ કરશું.

ખાસ નોંધ

આ વર્ષ થી દર વર્ષે બે પાટોત્સવ થશે. જે જે યજમાન ભાઈઓ દ્વારા મૂર્તિ પ્રતિષ્ઠા થઈ છે તેમને અમારો ખાસ આગ્રહ છે તેઓ તેમના દ્વારા પ્રતિષ્ઠિત દેવ નું પાટોત્સવ માં યજમાન પદ સ્વીકારે.

આપણા મંદિર ના પંચાંગ મા પાટોત્સવ ની તારીખ આપેલી છે.

happy Diwali

May you live your life like the festival of Diwali,
happy healthy and wealthy.
A Very Very Happy Diwali!!

દિપાવલી

આપણા શ્રી હિંદુ મંદિરમાં દિવાળી હર વર્ષની જેમ ધામ ધૂમ થી ઉજવવામાં આવી હતી.

દીપ એટલે દિવો અને આવલી એટલે હારમાળા. દીપોની હારમાળા એટલે દિપાવલી. આજે વિશ્વભરમાં દિવાળી ખુબજ જોરશોર અને ધૂમધામથી ઉજવવામાં આવે છે. દિવાળીને પર્વોનો રાજા પણ કહેવામાં આવે છે. વાઘબારસથી લઈને ભાઈબીજ સુધી તહેવારોની આ પ્રક્રિયા ચાલુ રહે છે.

દિવાળી કેમ ઉજવાય છે ? કહેવાય છે કે દિવાળીના દિવસે જ ભગવાન શ્રીરામ પત્ની સીતા અને ભાઈ લક્ષ્મણ સાથે ચૌદ વર્ષનો વનવાસ ભોગવી અયોધ્યા પાછા આવ્યા હતા. તેનો આનંદ અયોધ્યાવાસીઓમાં સમાતો નહોતો. આગમનની તૈયારીનાં ભાગરૂપે અમાસની અંધારી રાત્રે ઘીના દિવા પ્રગટાવી પ્રજાએ આવકાર આપ્યો હતો. દિવા સુશોભિત થતા જ જાણે અમાસની રાત પૂનમની જેમ રોશનીથી ઝગમગી ઉઠી હતી.

દિવાળીનું આધ્યાત્મિક મહત્વ શું છે ? આ માટે અલગ અલગ કથાઓ અને દંતકથાઓ છે. કહેવાય છે કે રામ ભગવાન રાવણનો વધ કરી અયોધ્યા આવ્યા હતા જેની ખુશીમાં રામભક્તોએ દિવાળી ઉજવી હતી.

કૃષ્ણ ભક્તિમાં લીન ભક્તો માને છે કે કાળીચૌદશના દિવસે શ્રીકૃષ્ણ ભગવાને નરકાસુરનો વધ કર્યો હતો. આ દાનવનાં ત્રાસમાંથી મુક્તિ મળતાં બીજા દિવસે લોકોએ ઘીના દીવા પ્રગટાવીને દિવાળી મનાવી હતી.

તો એક કથા અનુસાર સમુદ્રમંથનમાંથી લક્ષ્મી અને ધન્વંતરિ પ્રગટ થયાં હતાં. તેના સંદર્ભે પણ લક્ષ્મીપૂજન કરીને સમૃદ્ધ જીવનની કામના કરવામાં આવે છે. જૈન ધર્મની વાત કરીએ તો તેમના માટે આ દિવસ એટલા માટે મહત્ત્વપૂર્ણ છે કે ચોવીસમા તીર્થંકર મહાવીર સ્વામીનું નિવાર્ણ દિવાળીના દિવસેજ થયું હતું.

અમૃતસરના સુવર્ણમંદિરનો શિલાન્યાસ પણ દિવાળીના દિવસે જ કરવામાં આવ્યો હતો. સીખ ધર્મના છઠ્ઠા ગુરુ હરગોવિંદ સિંહને દિવાળીના દિવસે જ જેલમાંથી મુક્તિ મળી હતી. આ રીતે સીખ ધર્મમાં દિવાળીના દિવસે જ બે મહત્ત્વપૂર્ણ ઘટના બની હોવાથી સીખ લોકો માટે પણ આ પર્વનું ધાર્મિક મહત્વ છે. નેપાળીઓ માટે આ દિવસ એટલા માટે વિશેષ છે કે દિવાળીના દિવસથી નેપાળી સંવંતમાં નવું વર્ષ શરૂ થાય છે.

વર્તમાન સમય ને ધ્યાનમાં રાખતાં, આપણા જીવનમાંથી કામ, ક્રોધ, લોભ, મોહ અને અહંકાર ને દૂર કરી આશાના પ્રકાશને પોતાના અને બીજાના જીવનમાં ફેલાવવો આજ છે દિવાળી નો ખરો તહેવાર.

In 2016 Diwali is on Sunday, 30 October

ચોપડા પૂજન

પ્રકાશ નું પર્વ એટલે દિપાવલી. આ પર્વે જ્ઞાન વિજ્ઞાન ની દેવી માં શારદાની પૂજા અર્ચના કરવાનું વિષેશ મહત્વ છે.

એમ કહેવાય છે કે સરસ્વતી અને લક્ષ્મી બન્ને બહેનો છે. આ પવિત્ર દિવસે વેપારીઓ ચોપડા પૂજન કરે છે. તેઓ જુના ચોપડાઓ નો હિસાબ બંધ કરી, નવા ચોપડાઓની શરુઆત કરી માં સરસ્વતીને પ્રાર્થના કરે છે કે: ***હે માં શારદા, તમે સદ લક્ષ્મી સાથે સદૈવ અમારાં ગૃહમાં અને વેપારમાં નિવાસ કરો.***

ઘરે ઘરે દિવડાઓનો પ્રકાશ જોવા મળે છે. જૈન લોકો આ દિવસે શ્રી મહાવીર સ્વામીનો મોક્ષ કલ્યાણ દિવસ પણ ઉજવે છે.

દિવાળીના દિવસે શારદા પૂજન અને ચોપડા પૂજનનું શુભ મુહુર્ત હોય છે. આપણા મંદિરમાં ચોપડા પૂજન કરતાં ભક્તોની યાદગીરી ભક્તિ દર્શન દ્વારા જોવા મળશે.

આ વર્ષ ની દિવાળી પણ આનંદમય બને એજ પ્રભુ પ્રાર્થના.

નૂતન વર્ષ ૨૦૭૧ - અન્નકૂટ દર્શન

દિપાવલી પૂરી થયા બાદ પ્રથમ દિવસ તે બેસતું વર્ષ છે. આ દિવસે અન્નકૂટ ઉત્સવ ઉજવવામાં આવે છે.

અન્નકૂટ ને ગોવર્ધન પૂજા પણ કેહવામાં આવે છે. શ્રી કૃષ્ણ અને ગોપ-ગોપીઓએ ગોવર્ધન પર્વતની પૂજા કરી તેથી દેવો ના રાજા ઈન્દ્ર રોષે ભરાયા. ગોવર્ધન પર્વતની પૂજા કરતી વખતે દહીં, દૂધ અને વિવિધ ભોજનસામગ્રી ગોવર્ધન પર્વત સમક્ષ ધરાવવામાં આવી હતી. રોષે ભરાયેલા ઇન્દ્રે મૂશળધાર વરસાદ વરસાવ્યો. ગોપ-ગોપીઓ, ગાય-વાછરડાં બધાં પરેશાન થઈ ગયાં. વરસાદના કોપથી બચવું કઈ રીતે? આ સમયે શ્રી કૃષ્ણે ટચલી આંગળીથી ગોવર્ધન પર્વતને ઉઠાવી લીધો અને એની નીચે બધાને આશ્રય આપ્યો. આ ગોવર્ધન પર્વતનું મહત્વ છે.

આ બેસતું વર્ષ શ્રી કૃષ્ણ દ્વારા ઈન્દ્રના પરાજયના દિવસ તરીકે ઉજવાય છે. ભગવાન શ્રી કૃષ્ણે લોકોને તેમનું ‘કર્મ’ કરવા અને પ્રકૃતિનું જતન કરવા ઉપદેશ આપ્યો હતો. આ અંગે તેમણે કારણ આપ્યુ હતું કે ઈન્દ્ર અથવા અન્ય કોઈ દેવતાની પૂજા કરવાથી ખેડૂતોના પાકની સફળતા પર કોઈ અસર પડતી નથી, તેના માટે માત્ર સખત મહેનત જરૂરી છે.

શ્રી કૃષ્ણનો સંદેશો હતો કે આપણે પ્રકૃતિને સાચવીશું તો પ્રકૃતિ આપણી સંભાળ રાખશે. આ પહેલી વાર શ્રી કૃષ્ણએ ગીતામાં જણાવેલ કર્મના સિદ્ધાંત ની વાત સમજાવી.

આપણે પોતા માટે, સમાજ માટે અને પ્રકૃતિ માટે જે કામ કરીએ છીએ તેનું પ્રતિક ‘કર્મ’ છે. આની સાથે શ્રી કૃષ્ણએ ગોવર્ધન એટલે કે ગાયોનું વર્ધન અથવા રક્ષણ કેવી રીતે થાય તે માટે ગૌરક્ષાનું પ્રયોજન કર્યું.

માટે ખોરાકના ટેકરાને શણગારવામાં આવે છે, જે ભગવાન શ્રી કૃષ્ણે ઉંચકેલા ગોવર્ધન પર્વતનું પ્રતિક છે. મહારાષ્ટ્રમાં તે પડવા અથવા બલિપ્રતિપદા તરીકે ઉજવાય છે. આ દિવસે આપણા મંદિરમાં હર વર્ષની જેમ લોકોએ જાત જાતના ભોજન બનાવી ગીરીરાજ ગોવર્ધન ને અર્પીત કર્યાં હતાં.

સર્વ હરિભક્તો ને નૂતન વર્ષ ના અભિનંદન

In 2016 New Year and Annkut Darshan is on Monday, 31 October

નૂતન વર્ષ ૨૦૭૧ - અન્નકૂટ દર્શનની અવિસ્મરણીય યાદી

તુલસી વિવાહ

દર વર્ષ ની જેમ આ વર્ષે આપણા મંદિરના નવનિર્મિત ભવનમાં ખુબજ આનંદ પૂર્વક તુલસી વિવાહનો પ્રસંગ ઉજવાયો. અગાઉના અંકો માં આ પ્રસંગનું ઘણું જ્ઞાન મળેલ છે. વૃંદા એ પ્રેમ છે અને શાલીગ્રામ એ પથ્થર માં રહેલ શ્રદ્ધા અને વિશ્વાસરૂપી વાસુદેવ ભગવાન. વૃંદા અને શાલીગ્રામના વિવાહ દ્વારા પ્રેમથી પથ્થરને ભગવાન બનાવવાનો ભક્તિમય પ્રયાસ જોવા મળે છે. આપણે વૃંદા બની ભગવાનને પરણીએ અને ભગવદ ભક્તિ પ્રાપ્ત કરીએ, જે સૌભાગ્ય રાધા ને પ્રાપ્ત થયું અને કલિયુગ માં મીરાંબાઈ ને.

શક્તિ મંદિર લેસ્ટરથી હરિ ભક્તો ભગવાનની જાન લઇ આપણા મંદિરે પધાર્યા. સાથે વૃંદા ના માતાપિતા તરીકે ભાગ લેવાનો શ્રેય મંદિરના ભૂદેવ શ્રી નટુભાઈ આચાર્યને પ્રાપ્ત થયો. શક્તિ મંદિરના મહારાજ શ્રી મુકેશભાઈ ચતુર્વેદી સાથે ટ્રસ્ટી મંડળના આગેવાન શ્રી જય-પ્રકાશભાઈ પુરોહિત સાથે કારોબારીના સભ્યો અને મંદિરના ભક્તો પધાર્યા.

હિંદુ મંદિરના આચાર્ય શ્રી દિલીપભાઈ જોશી અને સાથે શ્રી પ્રકાશભાઈ પંડ્યા ના સહકારથી પ્રસંગ ઉજવાયો. ગોત્રોચાર, મંગલાસ્ટક બોલાયા, કન્યાદાન સંકલ્પ કરીને મંગળફેરા થયા. આવી રીતે ઉત્સાહ પૂર્વક તુલસી-શાલીગ્રામ વિવાહ પૂર્ણ થયા.

In 2015 Tulsi Vivah is on Sunday 22 November

તુલસી શાલીગ્રામ ભગવાનના લગ્નની અવિસ્મરણીય યાદી

મહા શિવરાત્રિ

શ્રી હિંદુ મંદિરમાં આ વર્ષે સંગીતમય મંત્રોચ્ચારણ દ્વારા શિવરાત્રિની પૂજામાં મોટી સંખ્યામાં ભક્તોએ ભાગ લીધો.

શિવનું અવતરણ એટલે શિવરાત્રિ. દરેક જીવની કર્મચેષ્ટાઓ રાત્રિ દરમિયાન બંધ રહે છે, તેથી કર્મચેષ્ટાઓનો અને ચેતનાઓનો સંહાર થયો એમ મનાય છે. દા. ત. નિંદ્રા આવે તેને ચેતનાનો સંહાર થયો કહેવાય છે. સમગ્ર જગત રાત્રીના ખોળામાં અચેતન થઈ સૂઈ જાય છે અને ત્યારે વિચારોની ગતિ પણ ઓછી હોય છે, જેથી એક પવિત્ર વાયુમંડળ બને છે. આ રીતે પ્રાકૃતિક દ્રષ્ટિથી શિવજીને રાત્રિ અતિ પ્રિય છે. એમ કહી શકાય કે શિવજી રાત્રે આવી આપણા જીવનને પ્રકાશના જ્ઞાનથી ભરપૂર કરે છે.

આપણા વેદોમાં ત્રણ મહાન રાત્રિઓનો ઉલ્લેખ કરવામાં આવ્યો છેઃ-

૧. કાળરાત્રિ જે કાળી ચૌદસને નામે ઓળખાય છે.

૨. મહારાત્રિ જે મહાશિવરાત્રી તરીકે ઓળખાય છે.

3. મોહરાત્રિ જે જન્માષ્ટમીની રાત્રી તરીકે ઓળખાય છે.

આમતો શિવરાત્રિ દર મહીને આવે છે. દર મહિનાની વદ ચૌદસ શિવરાત્રિ કહેવાય છે. લોકો જેને સામાન્ય રીતે શિવરાત્રી માની ઉજવે છે, તે દિવસ મહા વદ ચૌદસ ખરેખર મહા શિવરાત્રિનું પર્વ છે. એમ કેહવામાં આવે છે કે શિવરાત્રિને દિવસે દ્વાપરયુગનો પ્રારંભ થયો હતો અને પ્રથમ જ્યોતિર્લિંગ પણ શિવરાત્રિને દિવસે જ પ્રગટ થયું હતું.

શિવરાત્રિના સંદર્ભમાં શિકારી અને હરણાંની વાત પ્રખ્યાત છે. એક શિકારી હતો. તે કુંટુબનું ગુજરાન શિકાર કરીને ચલાવતો હતો. એક વખત તેને અઠવાડિયા સુધી શિકાર ન મળ્યો. કુટુંબના સભ્યોને ભુખ્યા ન જોઈ શક્યો. શિકાર કરવા જંગલમાં ગયો, ત્યાં તેણે એક હરણી જોઈ. તે તેનો શિકાર કરવા માટે તૈયાર થાય છે. હરણી મનુષ્ય વાણીમાં બોલે છે કે 'હું મારાં બાળકોને મળીને આવું એટલીવાર મને રજા આપ.' કાંઈક દયાથી, કાંઈક માયાથી શિકારીએ તેની વાત માની. રાતમાં તે સલામતી માટે બીલીના ઝાડ પર

In 2016 Maha-Shivratri is on Monday 7 March

ચડી ગયો અને જંગલ વિસ્તાર સ્પષ્ટ દેખાય તે માટે આડે આવતાં બીલીના પાન તોડીને નીચે ફેંકવા લાગ્યો.

નીચે શિવલિંગ પ્રતિષ્ઠિત હતું પણ આ વાતની તેને ખબર ન હતી. હરણીએ ઘેર જઈ હરણ તથા નાનાં હરણાંને બધી વાત કરી. પત્નીને મરતી જોઈ હરણ તેની સાથે થયું. મા-બાપ પાછળ બાળકો આવ્યાં. આ હરણ સંઘ શિકારી પાસે આવ્યો રાતનો ઉપવાસ તથા બીલીપત્ર શિવ ઉપર ચડતાં શિકારીનું હૃદય પરિવર્તન થયું. સાચા બોલતાં હરણાં જોઈ તે પ્રસન્ન થયો. તેણે સૌને જીવનદાન આપ્યું. ત્યાર બાદ શિવ પ્રગટ થયા. હરણાં, શિકારી તથા તેના પરિવારને કૈલાશ લઈ ગયા.

શિવ શબ્દનો અર્થ થાય છે કલ્યાણકારી (વિશ્વનું કલ્યાણ કરનારા)

સંસારમાં ભક્તો ભગવાન પાસેથી અનેક પ્રકારની માંગણીઓ કરતા હોય છે. **ત્વમેવ માતા ચ પિતા ત્વમેવ.** આમ શિવને આપણા માતા-પિતા કહ્યા પછી માંગવાપણું રહેતું જ નથી. તેમ છતાં કંઈક માંગવુજ હોય તો એવું માગવું જેથી માંગવાપણું રહે નહી. પણ દુનિયા અને ખાસ કરીને મનુષ્યનું મન બે શબ્દોમાં અટવાઈ પડે છે. એ શબ્દો છે - શ્રેય અને પ્રેય. એકમાં મારૂં કલ્યાણ સમાયેલું છે અને બીજામાં મને જે ગમે છે તેનો સમાવેશ થાય છે.

પણ આજે આપણે જોઈ શકીએ છીએ કે મનુષ્ય પોતાની જીવનશૈલીમાં એટલો ગૂંચવાયેલો છે કે તેને પોતા માટેજ સમય નથી, તે પૈસા પાછળ ભાગતો રહે છે તો તે બીજાનું કલ્યાણ કેવી રીતે કરી શકે? આ માટે પહેલા આપણે આપણા વિચાર બદલવા પડે અને આપણે બદલીએ તો જગ બદલે, પણ શું આપણે ખરેખર બદલવા તૈયાર છીએ?

ૐ નમઃ શિવાય

હોળી

સંસાર ની હોળીમાં ભક્ત પ્રહલાદ ની જેમ એક દિવસ જીવ માત્રએ બેસવાનો વારો આવે છે.

જો ભક્તિ, જ્ઞાન, વિવેક, મર્યાદા અને સંયમના રંગ થી રંગાયા હશું તો હોળી મા પણ નારાયણ પ્રણ ની પત રાખશે. જીવનના રંગ સાત્વિક અને આપણા આજના જીવન, અને યુગને સાનુકુળ હોવા જોઈએ. હોળી એ કેવલ રંગો નો ઉત્સવ નથી પણ એ પ્રહલાદ ની જેમ સમર્પણ અને શ્રદ્ધા નો ઉત્સવ છે. આધુનિક જીવન ના રંગ સમાજ ને ડૂબાળે છે જયારે પ્રાચીન સંસ્કૃતિ ના રંગ ઊપર થી સમાજ, વર્ણ, અને શૌર્ય ની ઓળખાણ ની અનુભૂતિ થતી હતી.

અને એજ અનુભૂતિ ની અમર ગાથા ને આજ પણ અમર રાખવા આપણા મંદિરો ભક્તિસભર હોળી નું આયોજન કરતુ આવ્યું છે. દર વર્ષ ની જેમ આ વર્ષે પણ મંદિર ના સ્વયંસેવકો દ્વારા ખુબજ ધ્યાનપૂર્વક હોળી નું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં હેલ્થ અને સેફ્ટી, ફસ્ટૅએઇડ, ડોક્ટર, એમ્બુલન્સ, ફાયર જેવા જાણકાર અધિકારીઓની વ્યવસ્થા કરવામાં આવી હતી. ધાણી, ખજુર, દાળિયા ની પ્રસાદીનુ વિતરણ થયું હતું. આ વર્ષ ના મુખ્ય અતિથી ઇન્સ્પેક્ટર બેનગીલાર્ડ ઉપસ્થિત રહ્યા હતા. સાથે મંદિરમાં નિસ્વાર્થ ભાવે સેવા કરનારા રાંભીબેન ઓડેદરાએ પૂજા નો લાભ લીધો હતો.

In 2016 Holi is on Wednesday 23 March at Spinney Hill Park, Leicester

શ્રી રામ નવમી

મર્યાદાનો મર્મ અને સિદ્ધાંત નું શરણ સ્વીકારવું એટલે રામજન્મ મહોત્સવ. ભગવાન શ્રી રામના જન્મના દર્શન કરતી વખતે આપોઆપ જીવ ભગવાન રામ ને વચન આપે છે કે હું આપનું અનુકરણ કરીશ.

જીવન ના આદર્શ, અનુરાગ અને સિદ્ધાંત ની ગરિમા ને જાળવી રાખવી! તેજ રામજન્મ નો સંદેશ છે. સાથે સાથે પરિવાર નો પ્રેમ અને જે સ્થાનને લઇને તમે અને હું બેઠા છીએ તે સ્થાન ની ગરિમા જાળવી રાખવી તેજ આદર્શ જીવન કહેવાય.

સામાન્ય ફિલ્મ નું નિર્માણ કરનાર નિર્માતા જો તેના બતાવ્યા પ્રમાણે એક્ટિંગ કરનાર એક્ટર પર આટલો ખુશ થતો હોય અને ફરીવખત આટલી સુંદર અને વધારે સફળ ફિલ્મ આપતો હોય તો વિચાર કરો, તમે અને હું જે સ્થાનને લઈને આવ્યા છીએ તે સ્થાનને ન્યાય આપવામા સફળ બનીએ તો જગત નો નિર્માતા રામ કેટલો રાજી થશે?

પછી પંજરી નો પ્રશાદ લઇયે તો જીવનના પાપરૂપી પાંજરા માંથી મુક્તિ કે છુટકારો મળે.

એ હેતુ ને સાર્થક કરવા માટેજ આપણે શ્રી હિંદુ મંદિરમાં ભવ્ય રામજન્મ મહોત્સવ ઉજવીયે છીએ. જેમાં મુખ્ય યજમાન ત્રિવેણીબેન દવે પરિવાર દ્વારા શ્રી રામ પૂજા અને મહાઅભિષેક કરવામાં આવ્યો હતો. ભક્તો ની લાંબી કતાર રામલલ્લા નું પારણું જુલાવવા માટે ઉમટી હતી. જેની એક સુંદર ઝાંખી આપ ભક્તિ દર્શન દ્વારા નિહાળી શકો છો.

In 2016 Shree Ram Navami is on Friday, 15 April

શ્રી હનુમાન જયંતી

પવન તનય સંકટ હરણ મંગલ મૂર્તિ રૂપ।
રામ લખન સીતા સહીત હ્રદય બસહુ સુર ભૂપ॥

હનુમાનજી મહારાજ સર્વ ના હ્રદય માં બિરાજમાન છે ઘણીવાર સંકટ આવે અને એમને યાદ કરીએ છીએ. માટેજ ચૈત્રસુદ પૂનમ એટલે હનુમાન જયંતી. આજના દિવસો માં મોટી સંખ્યામાં હનુમાન ચાલીસાના પાઠ થતાં હોય છે. ઘણા પાઠ થયા પરંતુ એનું ચિંતન થયેલ નથી.

જય જય જય હનુમાન ગોસાઈ કૃપા કરહું ગુરુદેવ કી નાઈ।
યે સતબાર પાઠ કરે કોઈ છુટ હી બંદી મહા સુખ હોઈ॥

આ પ્રમાણે સો વાર પાઠ કરી શકાય છે. જેનાથી ભક્તિ માં વધારો કરી શકાય છે. હનુમાન ચાલીસા ના ૧૦૦ પાઠ રોજ કરવા કઠણ છે, પરંતુ આ કડીના ૧૦૦ પાઠ સરળ છે. વળી

નાસે રોગ હરે સબ પીડા જપત નિરંતર હનુમંત વીરા।

એનો અર્થ થાય છે, માત્ર **હનુમંત વીરાય નમઃ** ના નિરંતર જપ કરવાથી રોગોનો નાશ થાય છે. જે વાત સમજવાની જરૂર છે. જે તુલસીદાસજી એ સૂચિત કરેલ છે.

જેમને ભજતા ભક્તિ સરળ બને છે, જેમણે મેળવ્યું છે તેવા હનુમાનજીના દાસાનુદાસ થવામાં લાભ છે. જે આપણા ભક્તિના માર્ગ ને સરળ બનાવે છે. તુલસીદાસજીની હનુમાન ચાલિસથી ભક્તિ સરળ બની છે. આં સાથે રામાયણના સુંદરકાંડ દ્વારા પણ ઉપાસના શક્ય બની છે.

આ વર્ષે આપણે હિંદુ મંદિર માં સુંદર કાંડ ના પાઠ કરી તેલ અભિષેકથી હનુમાન ભક્તિનું આયોજન કરીશું.

આ વર્ષે પણ મધ્યાહ્ન કાલે હનુમાનજી ની આરતી થઇ સાંજે શ્રી મધુભાઈ સોની તથા સીતારામ ભજન મંડળ દ્વારા તેલ થી અભિષેક થયો અને મોટી સંખ્યા માં ભક્તો એ હાજરી આપી, ઉપાસના માં સહભાગી બન્યા.

In 2016 Shree Hanuman Jayanti is on Thursday, 21 April

શ્રી સત્યનારાયણ કથા

શ્રી હિંદુ મંદિરમાં દર વર્ષ ની જેમ આ વખતે પણ શ્રી સમૂહ સત્યનારાયણની કથાનું આયોજન થયું હતું.

મંદિર ના ભૂદેવો દ્વારા દિવ્ય પૂજા નો લાભ મળ્યો હતો. આપણા ઘરમાં નારાયણની મૂર્તિ હોવાથી સિદ્ધ નથી થતું કે ઘરમાં સત્ય નો વાસ છે, પણ જો સત્ય નો વાસ હોય અને નીતિ નો નિવાસ હોય તો મૂર્તિ ન હોવા છત્તા પણ નારાયણ નો વાસ છે. એજ કથા નો સાર છે.

કથા માં પ્રસાદ નું મહત્વ ખુબજ બતાવ્યું, પણ પ્રસાદ ને કેવીરીતે આરોગવો! તેના ઉપર નિર્ભર છે. દા. ત. આપણા શરીર મા રહેલ પાંચ કમળ પ્રભુ ને અર્પણ કરવા અને એ કાર્ય દર્શન કરતી વખતે થાય છે.

બે હસ્ત કમળ, બે નેત્ર કમળ અને એક હૃદય કમળ આ પાંચ કમળ નો સમન્વય કરવા થી દર્શન થાય છે. ત્યાર પછીજ પ્રસાદ નો સ્વીકાર કરવો. જેથીઃ-

પ્ર = પ્રભુ

સા = સાક્ષાત

દ = દર્શન

પ્રભુના સાક્ષાત દર્શન ની અનુભૂતિ થાય અને તેના દ્વારા મન, વાણી અને વર્તન પવિત્ર બને, માટે દરરોજ મંદિરમાં આવતા રહો તેજ પ્રાર્થના.

હિંદુ મંદિરનો ૧૮ મો પાટોત્સવ

શ્રી હિંદુ મંદિરનો ૧૮ મો પાટોત્સવ ખૂબ આનંદથી ઉજવાયો. ભગવાનની નિત્ય પૂજા ભક્તોના સહકાર થી શક્ય બને છે. અને એજ કારણે પ્રભુ આપણી સાથેજ છે એવો ભાવ નિત્ય થતો હોય છે. ભક્તોના મનોરથ પૂરા થાય છે. એ માટે આપણે પાટોત્સવ ઉજવીએ છીએ.

આ દિવસે યજમાનોના સાથ સહકાર થી સ્થાપિત દેવતા નું પૂજન, અભિષેક, હવન, અને નવી ધ્વજા ચઢાવીએ છીએ.

પ્રતિ વર્ષ ની જેમ આ વર્ષે પણ ભાવનીષ્ઠ યજમાન શ્રી મહેશભાઈ દવે પરિવાર સાથે અન્ય યજમાનો, કોવેન્ટ્રી નીવાસી શ્રી વિજયભાઈ પંડિત અને પરિવાર જેમણે અનુક્રમે રાધા કૃષ્ણ અને શ્રી રામ પરિવાર ના યજમાન તરીકે લાભ લીધો. અને સુશીલાબેન જેઓ મંદિરના નિત્ય દર્શનાર્થી છે અને મંદિરમાં દાન ધર્માદા કરતા હોય છે, તેઓ માતાજીના યજમાન બન્યા હતા.

આ યજમાનોએ સ્થાપિત દેવતાઓની પૂજા અભિષેક કરી હવન માં પણ ભાગ લીધો. મંદિરના પૂજારી શ્રી નટુભાઈ આચાર્ય તથા શ્રી કિરણભાઈ પાધ્યા ના સહ્કાર થી પાટોત્સવ પરી પૂર્ણ થયો હતો.

મંદિર ની ધ્વજાના મુખ્ય યજમાન શ્રી કીશોરભાઈ ઓડેદરા તથા દિલીપભાઈ ઓડેદરા બન્યા હતા.

મંદિરની ધ્વજા એ ભગવાનની શીખા છે, અને શિખર તે મંદિરનું મસ્તક છે. આ ધ્વજા-રોહણ નો લાભ મંદિરના સેવક શ્રી ભીમાભાઈ ભગતે લીધો, અને બધાએ પ્રસાદી લઈ વિદાઈ લીધી હતી.

મંદિરનું કોઈ પણ કાર્ય હરી ભક્તો વગર શક્ય નથી, માટે મંદિરમાં આવો અને ઉત્સવને જીવંત બનાવો. એજ અભ્યર્થના.

In 2016 Patotasav is on February, 19 & on Saturday, 14 May

પુરુષોત્તમ માસ

ભગવાન ના ઘણા અવતારો થયા છે. પૂર્ણ પુરુષોત્તમ ભગવાન ૧૬ કળામાં છે. હજી સુધીમા ભગવાન શ્રી કૃષ્ણ બાર કળામાં આવ્યા હતા તોપણ ભક્તો ને દુર્લભ લીલા ના દર્શન થયા, તો વિચારકરો કે જેમનો પુરુષોત્તમ માસ છે, એવા ભગવાન ૧૬ કળા વાળા વિષ્ણુ કેવા આનંદી હશે? એટલા માટે એ દરેક પુરુષો માં ઉત્તમ છે. એટલે પુરુષોત્તમ માસ એમનો છે.

આ માસ દર ત્રણ વર્ષ પછી આવેછે. ગ્રીક, બ્રિટન અને ઇસ્લામ ધર્મ ના કેલેન્ડરમાં ૩૬૫ દિવસના વર્ષ ની ગણતરી જાળવી રાખવા અમુક મહિનામાં તારીખ અને ચન્દ્રમાં ફેરફાર કરેલ છે. તેવીજ રીતે આપણા પંચાંગમાં પણ તિથી અને તારા, ચન્દ્ર, સૂર્યનું સામ્યંતર જાળવી રાખવા, દર ત્રણ વર્ષે એક અધિક માસ આવે છે.

દરેક માસના એક સાધ્ય (સાધના કરવા યોગ્ય પ્રધાન) દેવ છે, અને બાર સૂર્ય હોવાથી દર મહિનાના એક સૂર્ય છે. પણ ત્રણ વર્ષે આવતા આ અધિક માસના કોઈ દેવ ન હોવાથી મેલ યુક્ત, ન પુજ્વાલાયક મળ માસ તરીકે ઓળખ હતી. જેથી સાક્ષાત ભગવાન વિષ્ણુના શરણમાં જવાથી તેમને વિષ્ણુના પવિત્ર ઉપાસ્ય માસ તરીકે સન્માન પ્રાપ્ત થયું.

સર્વ મહિનાઓમાં શ્રેષ્ઠ માસ તરીકે સ્થાન મળ્યું. આપણે પણ જીવનમાં ભગવાનના શરણે જવાથી જીવનની શ્રેષ્ઠ ઉંચાઈ ને પ્રાપ્ત થઈશકાય છે. પણ જો માસ, મહિના, તેમના દેવ, તેમની ઉપાસનાની રીતો અને નિયમોનું મહત્વ સમજીને કરવા મા આવે તો!

શ્રી હિંદુ મંદિરના ભૂદેવો હમેંશા ભક્તોની શ્રદ્ધામાં વધારો કરવા આવું મહત્વ સમજાવવા પ્રયત્નશીલ હોય છે. જેથી મંદિરમાં દાન, દયાભાવ, અને ભક્તોની ભીડમાં વધારો જોવા મળે છે. આ વખતે પણ ભગવાન નો અભિષેક અને પૂજા એકમાસ સુધી નું આયોજન કરવામાં આવ્યું હતું, જેમાં જુદા જુદા ભક્તો એ લાભ લીધો હતો.

Shiv Abhishek for Children

Shree Hindu Temple once again organised a special Shiv Abhishek for children only, supporting parents to bring their children to the Mandir and take part in ceremonies.

Shiv Pujan was conducted by Temple's Pujaris - Jayeshbhai Bhatt, Kiranbhai Padhya and Natubhai Acharya.

The ritual was performed very slowly with clear explanation and meaning of each step in English and in Gujarati.

This was the third year that Shiv Pujan was performed and it's clear to see that children learn more about Hinduism by taking part, than just reading.

Shree Hindu Temple continues to organise children focused events to ensure they have a good future.

Aum Namah Shivay

શ્રાવણ માસ

શિવ એ કલ્યાણ, જ્ઞાન અને ભક્તિનું સ્વરૂપ છે. શિવ સાધના માટે બધાજ દેવ, દેવીઓ કરતા આપણને વધારે દિવસો મળ્યા છે. એક માસ.

પિતાની ભક્તિ (શ્રાવણ માસમાં) અને ત્યાર પછી પુત્રની પૂજા (ગણેશ ઉત્સવ ભાદ્રપદમાં) અને ત્યાર પછી માતા ની ભક્તિ નવરાત્રીમાં થાય છે. દરેક દેવના મંદિર માં દરેકના પરિવારની પૂજા થતી નથી. દા.ત. શ્રી કૃષ્ણ, શ્રી રામ, શ્રી વિષ્ણુના પરિવાર મંદિરની અંદર હોયજ અથવા હોવા જોઈએ એવું જરૂરી નથી. પણ સદાશિવ ભગવાન શિવના પૂર્ણ પરિવારની પૂજા થાય છે.

શિવના મંદિરમાંઃ

(૧) ગણપતિ (સફળતા) (૨) ભગવતી પાર્વતીજી (ભક્તિ) (૩) કાર્તિકસ્વામીજી (સેનાપતિ) (૪) ગંગાજી (જ્ઞાન) (૫) સર્પ (પ્રમાણિકતા) (૬) નંદી (ધર્મ) (૭) કુર્મ (શાંતિ) હોયજ છે.

કારણ કે શિવ એ સંશાર નું ઝેર પીનારા દેવ છે. એટલા માટે એમના મંદિરમાં ભક્તિ, શાંતિ, જ્ઞાન, પ્રમાણિકતા, અને સફળતા જોવા મળે છે.

આપણા પારિવારિક જીવનમાં આપણે પણ ઘણી વખત સંશાર ના ઝેર પીવા પડે છે, પણ જો એમાં સફળતા મળે તો આ બધીજ જીવન સફળતાની ચાવી આપણને પ્રાપ્ત થાય છે. પણ એ ત્યારેજ મળી શકે જયારે શિવની ભક્તિ હોય. શિવ આપણને સંદેશ આપે છે કે સંસારની વ્યાધી સામે ધર્મ અને નિષ્ઠા રાખીને જાવ તો સુખ રૂપી અમૃતની પ્રાપ્તિ થાશે. એટલા માટેજ શિવ, તેમના પુત્ર ગણેશ, તેમના પત્ની રિદ્ધી, સિદ્ધી અને તેમના પણ પુત્ર શુભ, લાભ આદરણીય થયા છે.

In 2016 Shravan Mas start is on Wednesday, 3 August

આપણે પણ જો આપણા પરિવાર અને કુળ ની આભા ને જીવંત અને ખમ્તીધર જાળવી રાખવી હોય અને આવનારી આપણી પેઢી ને સમાજમાં માન, પ્રતિષ્ઠા, અને આદરણીયતા પૂર્વક નો વારસો આપવો હોય તો શિવની અર્ચના કરવી જોઈએ.

અને એજ દરેક બહેન, દીકરી, દીકરાનું કર્તવ્ય છે. પછી સંજોગ ગમે તે હોય. એટલા માટેજ આપણા મંદિરમાં આખો માસ ભવ્ય પાર્થેશ્વર પૂજાનું સુંદર આયોજન સાથે ઉપાસના થઈ. દરરોજના જુદા જુદા યજમાન દ્વારા અભિષેક, અને પૂજન કરવામાં આવ્યું હતું.

અંતે સમુદ્રમાં પાર્થેશ્વર વિસર્જન કરવા માટે સ્કેગનેસ યાત્રાનું આયોજન થયું હતું.

દર સોમવારે શિવ મહાપૂજા સાથે સાથે ભાંગ ની પ્રશાદી વિતરણ કરવામાં આવી હતી. આશા છે કે આપ સૌ દર વર્ષે આવીજ રીતે પૂજાનો લાભ લેતા રહેશો.

ૐ નમઃ શિવાય

જન્માષ્ટમી

સત્યસનાતન ધર્મના પ્રમુખ એટલે કે શ્રી કૃષ્ણ ભગવાન. હરિવંશ પુરાણ પ્રમાણે તેમનો જન્મ બી.સી. વર્ષ ૩૨૨૫ અને તારીખ ૨૪ જુલાઈ (બી. સી. પંચાંગ અનુસાર) બુધવારે રોહિણી નક્ષત્રમાં મથુરા ની જેલમા થયો હતો. જે આ વખતે ૫૨૪૦ મો જન્મ દિવસ ઉજવાયો હતો.

ભગવાને જયારે અર્જુન ને શ્રીમદ ભગવદ્ ગીતા કહી ત્યારે તેમની ઉમર ૮૩ વર્ષ ની હતી. અર્જુન ભગવાન શ્રી કૃષ્ણ કરતા ૧૮ વર્ષ નાના હતા. ૬૫ વર્ષ ની ઉમરમાં અર્જુને મહાભારત નું યુદ્ધ કર્યું હતું. જયારે ભીષ્મ અને દ્રોણની ઉમર ૧૮૦ થી ૧૯૦ વર્ષની હતી. વસુદેવની ઉમર ૧૫૦ વર્ષની હતી. આવતા વર્ષે આપણે ૫૨૪૧ મો જન્મ ઉજવીશું.

અર્જુનની જેમ આપણું પણ ૬૫માં વર્ષ થી જીવન નું યુદ્ધ શરુ થાય છે. માટે જીવનમાં હંમેશા શ્રી કૃષ્ણ ને સાથે રાખ્યા હશે તો જીવન નું અંતિમ યુદ્ધ જીતી શકાશે. સંસાર ની માટલીમાં ઘણા રસ છે, પણ એ કૃષ્ણ ની મોરલી માટલીને માર્યા વગર સંસાર ના રસ માંથી મુક્તિ મળતી નથી. માટે આપણે જન્માષ્ટમી મહોત્સવ ઉજવીયે છીએ, જેથી કરી જીવન સાક્ષર બને.

ભગવાનનો જન્મ મંદિર ખુબ સુંદર રીતે ઉજવે છે. જેમાં કેરી નો રસ, શેરડી નો રસ, કેશર, ચંદન, ગંગા જળ, યમુના જળ અને બીજા અનેક જળ થી અભિષેક કરવામાં આવે છે. સાથે પારણું જુલાવવું, મટકી ઉછ્વણી, અને

નંદ ઘરે આનંદભયો ॥ જય કનૈયા લાલ કી

નો નાદ મંદિરની આભા ને ભાવ વિભોર બનાવે છે. આ વખતે જયેશભાઈ, કિરણભાઈ, અને નટુભાઈ, ભૂદેવોએ અભિષેક અને મટકી મનોરથમાં ઉત્સાહ વધાર્યો હતો. દર વર્ષ ની જેમ આ વખતે પણ ત્રિવેણીબેન દવે અને પરિવારે આ ઉત્સવમાં ભાગ લીધો હતો. મંદિર ના કાર્યકર્તા, સ્વયંસેવક ભાઈઓ અને બહેનોએ સુંદર સજાવટ કરી હતી. ભક્ત સમુદાય હંમેશા આવતા રહે તે શુભેચ્છા સાથે.

જય શ્રી કૃષ્ણ

In 2016 Janmashtami on Thursday, 25 August

SHREE HINDU TEMPLE & COMMUNITY CENTRE

શ્રી ગણેશ ચતુર્થી

શ્રી ગણેશ હિંદુ ધર્મના સર્વ સિદ્ધી પ્રદાયક દેવ છે જેના ગણેશ પુરાણ અનુસાર મુખ્ય આઠ અવતાર છે.

શ્રી ગણેશજી નો જન્મ ભાદરવા સુદ ચોથના દિવસે થયો હતો. શ્રી કૃષ્ણની જેમ તેમણે પણ માયાસુર, મદાસુર, લોભાસુર, મોહાસુર, અહન્તાસુર, ક્રોધાસુર, કામાંસુર, અને મમતાસુર જેવા રાક્ષસોનો સંહાર કર્યો છે. આટલા માટેજ ગણેશની ઉપાસના કરવાથી આપણા મન માં કે શરીર માં માયા, મોહ, અભિમાન, લોભ, વિકાર વગેરે આવતું નથી કેમકે એમની સાધના થી અંદરના અસુરો પણ ધીરે ધીરે નાશ પામે છે.

આ બધીજ લીલાઓ વખતે તેમના જુદા જુદા નામ થી અલગ અલગ અવતાર થયા, જેમકેઃ-

૧. વક્રતુંડ	૫. લંબોદર
૨. એકદંત	૬. વિકટ
૩. મહોદર	૭. વિઘ્નરાજ
૪. ગજાનન	૮. ધૂમ્રવર્ણ

જેથી તે અષ્ટવિનાયક કહેવાય છે. દરેક વખતે તેમની માતાઓના નામ પણ અલગ થયા. ઉમા, ચતુર્થી, પાર્વતી વગેરે.

અનન્ત ચતુર્થી ના દિવસે તેમણે પોતાના દેહ નું વિલીનીકરણ કર્યું જેથી આપણે પણ ભગવાન ને તેમના ધામ ક્ષીરસાગર માં પધરાવીએ છીએ.

આપણા લોક-લાડીલા શ્રી હિંદુ મંદિરમાં આ બધીજ ફળની કામના માટે ભગવાનની સ્થાપના, પૂજા અને વાર્તા વાંચન સાથે વિસર્જન ની વ્યવસ્થા કરવામાં આવી હતી.

In 2016 Ganesh Chaturthi is on Monday, 5 September

પિતૃ શ્રાદ્ધ ભાગવત કથા

ૐ નમો ભગવતે વાસુદેવાય
પ્રભુર્નન્દ કુમારો મેં સ્વામીની વૃષભાનુજા
કૃતાર્થોહમ કૃતાર્થોહમ કૃતાર્થોહમ ન સંશય:

પરમ કૃપાળુ પરમાત્માની અસીમ કૃપાથી દર વર્ષની જેમ આ વર્ષે પણ આપણા શ્રી હિંદુ મંદિરમાં શ્રાદ્ધ પક્ષમાં (પિતૃપક્ષમાં) સમૂહ શ્રીમદ્ ભાગવત સપ્તાહ પારાયણનું આયોજન ભાદરવા વદ આઠમને સોમવાર તા. ૫-૧૦-૨૦૧૫ થી અમાસને સોમવાર તા. ૧૨-૧૦-૨૦૧૫ સુધી કરવામાં આવેલ હતું.

વ્યાસપીઠ ઉપર આપણા મંદિરના જુના પ્રભુ સેવક અને લોકલાડીલા પરમ પૂજ્ય શ્રી છગનભાઈ જોશી બિરાજી તેમની ભક્તિ સભર વાણીમાં સંગીતમય કથામૃતનું પાન કરાવ્યું હતું. પ્રેમલક્ષણા ભક્તિ, જ્ઞાન, વૈરાગ્ય અને વિવેક વિષે કથા કરી શ્રોતાઓને મંત્રમૂગ્ધ કર્યા હતાં. સાતે સાત દિવસ શ્રોતાઓની ભીડ રહી હતી. મોટા પ્રમાણમાં ભક્ત ભાઈઓ તથા બહેનો એ શ્રવણનો લાભ લીધો હતો.

દરરોજના યજમાન તરીકે શ્રી બચુભાઈ ઓડેદરા તથા પરિવાર હતાં તથા દૈનિક યજમાનોમાં ઘણા ભાઈઓ તથા બહેનોએ સમૂહ પૂજા તર્પણ પિતૃઓના ફોટા પધરાવી સાથ અને સહકાર આપ્યો હતો.

શ્રી કૃષ્ણ જન્મના મુખ્ય યજમાન તરીકે શબરી મંડળની બહેનો, રુક્ષ્મણી વિવાહમાં કન્યા પક્ષે શરદભાઈ કોટેચા પરિવાર અને જાન પક્ષે નીલેશભાઈ ગોરાણીયાએ લાભ લીધો હતો.

કૃષ્ણ જન્મ, અન્નકુટ, ગોવર્ધન પૂજા, રુક્ષ્મણી વિવાહ વગેરે પ્રસંગો ધામ ધૂમથી ઉજવવામાં આવ્યા હતાં, ખરેખર યાદગાર પ્રસંગ હતો.

જય શ્રી કૃષ્ણ

નવરાત્રિ નો મહિમા

નવરાત્રિ શ્રી ભગવતી નવદુર્ગા ની સાધના ના દિવસો અને ઉપાસના નું પર્વ છે.

દેવી ભાગવતમાં બતાવ્યા પ્રમાણે માતાજી રત્નજડિત સોનાના હિંડોળા પર બીરાજે છે, અને મણીપુર નામનું તેનું ધામ છે. માં ભગવતીની સાધના ના જુદા જુદા પ્રકાર છે. જેવી રીતે કે પુરશ્ચરણ, અનુષ્ઠાન, અર્ચન, સાધના... અને એમાં પણ બે પ્રકાર છે. એક સાત્વિક કર્મ અને બીજું છે કામ્ય કર્મ.

હવે સાત્વિક કર્મ એને કહેવાય કે જેમાં કેવળ આત્મા ના કલ્યાણ ની ભાવના હોય. જયારે કામ્ય કર્મ એ છે કે જે કોઈ એક પદાર્થ ની કામના અથવા તો એક લક્ષ્ય ને સિદ્ધ કરવા માટે હોય.

કોઈ પણ સાધના કે ઉપાસના સુધી પહોચવા માટે ચાર માર્ગ છે. (૧) માતાજી ના બીજ મંત્ર દ્વારા (૨) ચંડીપાઠ દ્વારા (૩) દેવીભાગવત દ્વારા (૪) પદાર્થ ભક્તિ દ્વારા.

માતાજી ના નવ જુદા જુદા રૂપ અને અવતાર ની સાધના માટે નવ દિવસો છે, જે નવરાત્રિ કહેવાય છે. આમતો એક વર્ષમાં ચાર નવરાત્રિ આવે છે. (૧) માઘી નવરાત્રિ - માઘ માસ માં (૨) ચૈત્રી નવરાત્રિ જે ચૈત્ર માસમાં આવે છે. (૩) આષાઢી નવરાત્રિ - આષાઢ માસમાં (૪) આસુ નવરાત્રિ જે આસો માસમાં આવે છે. આમાની દરેક નવરાત્રિ ના નવ દિવસો છે, જેમાંના દર એક દિવસ ના જુદા જુદા દેવી છે. જેમના નામ (૧) શૈલપુત્રી (૨) બ્રહ્મચારિણી (૩) ચંદ્રઘંટા (૪) કુષ્માંડા (૫) સ્કન્દમાતા (૬) કાત્યાયની (૭) કાળરાત્રિ (૮) મહાગૌરી (૯) સિદ્ધીદાત્રી છે. આ નવ દિવસોમાંથી અષ્ટમીનું વધારે મહત્વ છે, જયારે માતાજીએ તેમના વિરાટ રૂપના દર્શન આપ્યા હતા. તે મહાન અને વિરાટ રૂપ વાળી અષ્ટભૂજાની કૃપા મેળવવા માટે યજ્ઞ કરવામાં આવે છે. જેથી હવનઅષ્ટમી પણ કહેવાય છે.

આમાંના નવે નવ નામનો મહિમા પાર્વતીજી ના જુદા જુદા અવતારો પર આધારિત છે. જેમના મંત્ર, સાધના, અને હેતુ દરેક અવતારમાં ભિન્ન ભિન્ન જોવા મળે છે અને તેના આધારેજ નવે નવ દિવસ ના દેવીઓની આરાધના કરવી જોઈએ.

એ ઉપરાંત આ નવ માતાજીના મુખ્ય (પ્રધાન) દેવીઓ શ્રી મહાકાળી, શ્રી મહાલક્ષ્મી અને શ્રી મહાસરસ્વતી છે. નવરાત્રીના નવ દિવસના ત્રણ ભાગ કરી અને આમાંના એક એક દેવીઓ ની આરાધના રૂપે ગણેલ છે.

In 2016 Navratri starts on Saturday, 1 October

શ્રી હિંદુ મંદિર ની નવરાત્રિ ૨૦૧૫

ભારતના રાજકોટ થી પધારેલ કલાકારોઃ શ્રીકાંતભાઈ ક્રિષ્નન નાયર, જીગ્નેશભાઇ ગોસ્વામી, અલ્પાબેન પટેલ, કલ્પેશભાઇ કાચા અને ભાસ્કરભાઈ શિંગાળા.

લેસ્ટર ના પાવાગઢ સમા રણીયામણા હિંદુ મંદિર માં ભવ્ય નવરાત્રિ થઈ. આ વખતે વધારે બહેનો આવ્યા, સાથે નાના નાના બાળકો ને લાવ્યા. દરરોજ એકાવન દિપમાળાની આરતી થઈ. જેમાં જુદા જુદા યજમાનોએ ભાગ લીધો હતો. માતાજીના પૂજન અને ગરબા પધરામણીના યજમાન ભીખુભાઈ અને ભારતીબેન કોટેચા રહ્યા હતા. મંદિરમાં નવરાત્રિ ને સફળ બનાવવાનો પ્રયત્ન મંદિરના ભાઈ બહેનો પાસે ખુબજ મહેનત માંગીલેય છે. દુર્ગાષ્ટમીના દિવસે યજ્ઞ કરવામાં આવ્યો હતો. જેમાં મુખ્ય યજમાન વિરમભાઈ મગનભાઈ ટંડેલ રહ્યા હતા. ક્યારેક ભાવવિભોર ભક્તો ની ભીડ નો સમાવેશ ગરબીના પટ્ટાંગણ માં કરવો તે અઘરું હોય છે. ગરબા રમવા તે સાંસ્કૃતિક, ધાર્મિક, અને સભ્યતા નો ઉત્સવ છે. એટલા માટે આપણો પહેરવેષ, હાવભાવ, વ્યવહાર, અને મનની માનસિકતા ઉપર ખુબજ નિર્ભર છે. વિશેષ કરી ને ત્યારે, જયારે તમે મંદિરમાં આવો.

દા.ત. જે માણસ અગિયારસ નો ઉપવાસ કરે છે, તેને ભોજનમાં બંધન છે, તે અન્ન ખાઈ શકતો નથી. કેવળ ફલાહાર જમી શકે છે, પણ જે માણસ ને ઉપવાસ નથી તેને કોઈ બંધન હોતું નથી. તે તો બન્ને ભોજન, અને ફલાહાર ખાઈ શકે છે. તેવીજ રીતે મંદિરમાં સેવા આપનાર ભાઈ, બહેનોને પણ ઘણું બંધન હોય છે, માટે આશા છે, કે આપ પણ આપણા વ્યાવહારિક સહયોગ આપશો.

એકંદરે નવરાત્રિ ખુબજ આનંદ યુક્ત રહી.

જય માતાજી

Shree Hindu Temple
& Community Centre

BROOKLYN

SDL

શ્રી દુર્ગાષ્ટમી યજ્ઞ

અષ્ટમીએ માં ભગવતી નો પવિત્ર દિવસ છે. માતાજી ને શાંત કરવા ચંડીપાઠની આહુતી અને પુર્ણાહુતિ યજ્ઞ કરવામાં આવે છે.

શ્રી હિંદુ મંદિરમાં દુર્ગાષ્ટમીના દિવસે સરસ યજ્ઞનુ યયોજન કરવામાં આવ્યું હતું. જેમાં મુખ્ય યજમાન વિરમભાઈ મગનભાઈ ટંડેલ અને પરિવાર રહ્યા હતા.

In 2016 Durgashtami Havan is on Sunday, 9 October

ધજા ના મુખ્ય યજમાન ભરતભાઈ અને નિલેશભાઇ મોઢવાડિયા

ધાર્મિક વ્રત

આર્ય સંસ્કૃતિના વ્રત એ માં ભગવતી પાર્વતી અને શિવજી ની સાધના છે.

મોળાકત, જયાપાર્વતી, દીવાસો, કરવાચોથ, નાગ પાંચમ, શીતળા સાતમ, નોળીનોમ જેવા વ્રતના પવિત્ર દીવસોમાં બહેનો એમના પરિવાર માટે સાધના રૂપી તપ કરે છે. તેમના પતિ અને પરિવારના સુખની કામના માટે શિવ-પાર્વતીનું પૂજન અને ઉપવાસ કરે છે. ભૂતકાળમા આમાના ઘણા વ્રતો ભગવતી પાર્વતીજી એ કર્યા છે, જેથી કદાચ શિવજી અમર છે.

બહેનો સૌભાગ્યના સોળ શણગાર સજી અને મંદિરોમા જાય છે. પૂજન કર્યા પછી વાર્તાનું પણ શ્રવણ કરે છે. એટલાજ માટે સ્ત્રી એ સજ્જન્તા, શીતળતા, અને સાત્વિકતા ના સત્ત થી સતીત્વ ના સામર્થ્ય ને જાળવી રાખે છે. જેથી તેમના પતિના જીવનરૂપી યુદ્ધનું રક્ષણ કરી શકે છે. પછી તે વનવાસ ના રામ હોય, કે યુદ્ધમા જાલંધર હોય કે સ્વયંવરમાં અર્જુન હોય. માટે આજની બહેનો, દીકરીઓ ને પ્રાર્થના છે કે તમારા જીવન ની સિદ્ધીઓના શિખર ને સર કરવા સદૈવ મંદિરમાં આવા વ્રત કરતા રહો.

Vrats in 2016:
Morakat Vrat is on Friday, 15 July
Jaya Parvati Vrat is on Sunday, 17 July
Divaso is on Tuesday, 2 August
Kevda Trij is on Sunday, 4 September
Karwa Chauth is on Tuesday, 18 October

બહેનોનુ નાગ પાંચમ વ્રત

શબરી સત્સંગ મંડળ

શ્રી હિંદુ મંદિર અને કોમ્યુનીટી સેન્ટરના શબરી મહિલા મંડળના સર્વે ભાવિક ભક્તો ને દિવાળી અને નૂતન વર્ષના જય શ્રી કૃષ્ણ અને અભિનંદન. આ શરુ થતું વિ.સ. ૨૦૭૨ અને ઈ.સ. ૨૦૧૫ – ૨૦૧૬ વર્ષ પરમ કૃપાળુ પરમાત્માની અસીમ કૃપાથી આપ સહુને કુટુંબ સહીત શુકનવંતુ, સખાકારી, આનંદમય અને ભક્તિભાવ પૂર્ણ નીવડે. કુટુંબ, સમાજ, સંપ્રદાયમાં કાર્ય કરી પૂજન અર્ચન સત્સંગનો લાભ લઈ, આધ્યાત્મિક માર્ગે આગળ વધે. પ્રગતીના પંથે જીવનમાં ભક્તિની જ્યોત વિશ્વભરમાં રહે.

શબરી સત્સંગ મંડળ દર સોમવારે, ગુરુવારે અને અગિયારસે, શ્રાવણમાસે, શ્રાધ્ધના દિવસોમાં અને અધિક્માસે બપોરના સમય ૨.૧૫ થી ૪.૧૫ વાગ્યા સુધી ધાર્મિક ગ્રંથનું વાંચન અને ભજન-કિર્તન કરી આનંદ લેય છે.

શબરી એટલે શ્રદ્ધા, ગુરુના વચનમાં શ્રદ્ધા અને અટલ વિશ્વાસ એજ શબરી જ્ઞાન અને વૈરાગ્યની ભક્તિ કરવાથી ભગવાનની પ્રાપ્તિ થાય છે.

આ વર્ષે અધિકમાસમાં સંતો દ્વારા અનેક કથાઓનો લાભ મળ્યો છે. હવે મંદિરની વિશાળતાના અતિ સુંદર દ્રશ્ય જોતા ભાગવત ભાવ જાગ્રત થાય છે. હિંદુ સંસ્કૃતિ જળવાય છે. અનેરો લાવો લઈ આગળ વધવા પ્રેરણા મળે છે.

મંદિરમાં ઉજવાતા તહેવારો અને યોગા ગ્રુપમાં અમો બધાજ લાભ લઈએ છીએ. અમારા બહેનો દરરેક ઉત્સવમાં મદદગાર થાય છે. સમયે સમયે દાન-પુણ્ય કરી ધર્મનું ભાથું બાંધે છે. મંદિરના ટ્રસ્ટીગણ, પ્રમુખશ્રી, મંત્રીશ્રી તથા કોમ્યુનીટી ના સ્વયંસેવકો સત્સંગ મંડળને બધાજ કાર્યોમાં સહાયક થાય છે. વિશ્વમાં સૌને આમંત્રણ પાઠવીએ છીએ કે સહુ આવો અને નૂતન વર્ષના સોનેરી કિરણના ઉત્સવને અમારી સાથે ઉજવો.

આપણે બધા સત્સંગ કથાઓમાં પ્રભુ નામનો લાભ લઈ સારું જીવન જીવવાનો સંકલ્પ કરીએ.

શબરી મહિલા મંડળના સર્વે બહેનોના જય શ્રી કૃષ્ણ.

લી. શ્રી ચંચળબેન કાલિદાસ ચૌહાણ

રાંદલ માતાજી ના લોટા

માં રાંદલ ના લોટા મંદિરમાં તેડવા નો યશ શ્રી રણજીતભાઈ સોનેગ્રા ને પ્રાપ્ત થયો, અને તે પણ ૧૦૮ લોટા.

શનિવારે મંદિર માં લોટાનો શણગાર થયો. રવિવારે સવારે સુરજના રથ સાથે રણજીતભાઈના પરિવારે માં જગદમ્બાનું સ્થાપન મંદિરના અર્ચક નટુ ભાઈ આચાર્ય ના હસ્તક થયું.

7૫૬ અખંડ સૌભાગ્વતી તથા કુવારકા નું પૂજન થયું. ભક્તો એ પ્રસાદી લીધી અને બપોરે રૂપાબેન સોનીના સ્વરમાં સંગીત સાથે રાસ ગરબાનો લાભ ભક્તો એ લીધો.

સાંજની આરતી સાથે બીજા દિવસે વિસર્જન થયું.

સાથે આપણે ત્યાં માતાજી ના ભક્તો દ્વારા આ સિવાય પણ લોટા તેડવાનું આયોજન થયેલ છે અને કાર્યકરતા સાથે ભક્તો નો પણ સહકાર મળેલ છે. અને ભવિષ્યમાં પણ મંદિર અવા પ્રયાસ ને આવકારે છે.

જય માતાજી

Major Events Taken Place at Shree Hindu Temple

Hanumant Katha

by Chinmayanandji Bapu

Organised by: Bharat Welfare Trust
No. of Days: 7

LIVE on ASTHA TV

Bal Krishna Katha

by Sanjeev Krishna Thakurji

Organised by: Bharat Welfare Trust
No. of Days: 7

LIVE on ASTHA TV

Shrimad Bhagvat Katha

by Shastri Dilipbhai Joshi

Organised by: Bhikhubhai Kotecha & Family

No. of Days: 7

Shrimad Devi Bhagvat Katha

by Miteshbhai Dave

Organised by: Shree Limbachia Gnati Federation UK

No. of Days: 9

Shree Krishna Katha

by Didi Maa Sadhvi Ritambhara

Organised by: Bharat Welfare Trust
No. of Days: 5

LIVE on ASTHA TV

Leicester

સંતો અને મહેમાનો

આપણે ત્યાં ઉનાળો પ્રારંભ થતા સંતો નો આવાગમન પણ શરુ થાય છે. ભગવદ કૃપા થી જેમના ભારતમાં દર્શન દુર્લભ છે તેવ સંતો અહી દુર્લભ બને છે. ૨૦૧૫ માં સંતોની કૃપા પ્રાપ્ત થઈ.

સુરત થી શ્રી ભરતભાઈ નો આગમન થયું જેઓ સ્વ. રામભગત ના પટ શિષ્ય અને તેમના ગુરુજી ની શૈલી માં એમણે સરળ ભાષા માં ઘણી મધુર વાણી માં નીમહાભારત ના પ્રસંગો સમજાવ્યા. સાથે સંગીતમય સત્યનારાયણ કથા નું પણ પાન કરાવ્યું.

તા. ૮ જૂન થી ૧૩જૂન જેમનો આશ્રમ પણ સુરત માં જ છે તેવા શ્રી ક્ષિપ્રાનંદ મહારાજ જેઓ હનુમાન ભક્ત છે સરળ ભાષા માં હનુમાનજી મહરાજ નો સરળ શૈલી માં કથા પાન કરાવ્યું. જેઓ ગૌ દાન માટે જ ભારત થી પધાર્યા અને ગૌ હત્યા પર ખાસ ભાર મુક્યો અને જે બંધ થાય એ માટે રજૂઆત કરી.

ભારતના દરેક સંતો ને મદદ કર્તા એવા ભારત વેલ્ફેર ટ્રસ્ટ દ્વારા વિવિધ સંતો ના પ્રવચનો થયા જેમાં તા. ૨૦ થી ૨૬ જૂન શ્રી ચિન્મયાનંદ બાપુ જેવા યુવાન સંતનું આગમન થયું મંદિર માંથી પોથી યાત્રાનો પ્રારંભ થયો અને કૃષ્ણલીલા ઉપર એમણે સાત દિવસ ભક્તિ રસ પીરસ્યો. પૂ બાપુ ભારત વેલ્ફેરના સહકાર થી મળેલ દાનનો ઉપયોગ એમના આશ્રમમાં બાળકોના અભ્યાસ, ઘરડા ઘર તથા અન્ય સેવા ના કાર્યોમાં ઉપયોગ કરવાનો પ્લાન રજુ કર્યો. ભક્તો એ તેને વધાવી લઈ દાન આપ્યા અને આસ્થા ના સહયોગ થી પુરા ઈંગ્લેન્ડ માં હરી ભક્તોને કથા નો લાભ પ્રાપ્ત થયો.

તા. ૨૯ જૂન થી ૪ જુલાઈ ના આદરણીય શ્રી ધર્માત્માનંદ મહારાજ, જેઓએ ઓરિસ્સામાં, જગન્નાથ આદિવાસી વિસ્તારમાં આદિવાસી ઉત્થાન માટે દેશ પરદેશ સત્સંગ અને જનજાગૃતિ માટે અભ્યાન ગતીપ્રદ કર્યું અને આપણે ત્યાં એમણે પુરષોત્તમ કથા સાથે મહાભારત પ્રસંગોનો પરિચય કરાવ્યો.

મંદિરના પ્રમુખ શ્રી ભીખુભાઈ કોટેચા પરિવાર દ્વારા તેમના પિતૃઓના મોક્ષાર્થે શ્રીમદ ભાગવત કથાનું આયોજન થયું અને ખુબજ આનંદ સભર રહ્યું. આ કથાનું રસપાન લેસ્ટર નિવાસી શ્રી દિલીપ ભાઈ જોશી એ ખુબજ કર્ણપ્રિય સંગીત સાથે એમની સરળ શૈલી માં અને ખાસ કરીને યુવાનોને ધ્યાનમાં લઈ, આજનું જીવન કેવું હોવું જોઈએ? હાલ ના સમયે આપણું વર્તન કેવું છે?

કેવું હોવું જોઈએ? તેના ઉપર ખુબજ ભાર મુક્યો અને દરેક ભાગવદીય પ્રસંગો ને ભવ્ય બનાવવાનો પ્રયાસ કર્યો. કૃષ્ણ જન્મ, રુક્ષ્મણી વિવાહમાં પણ ભૂદેવો ના સહકાર સાથે પ્રસંગ ઉજવ્યો અને આ બધા પ્રસંગોમાં ઉત્સાહી એવા મંદિરના ભક્તો અને સ્વયંસેવકોએ ઘણો સાથ સહકાર આપ્યો. જેથી આ યાદગાર કથા શક્ય બની.

શાંતિલાલ ભાઈ થાનકી પરિવારે યોજેલ ભાગવત કથાનું રસપાન શ્રી રમણીકભાઈ દવેએ કરાવ્યું. નિત-નવા પ્રસંગો પીરસવામાં આવ્યાં. યુવાનોને સમજ પડે માટે શ્રી દિલીપભાઈ એ પૂર્ણાહુતી સમયે ઈંગ્લીશમાં સમજાવીને કથા યુવાનો સુધી પહોંચાડી.

ભારત વેલ્ફેર દ્વારા આયોજીત શ્રી સંજય કૃષ્ણ ઠાકુર જેઓ વૃંદાવન થી પધારી આસ્થા માધ્યમ સાથે બાલકૃષ્ણ કથા નું આયોજન થયું જેનો આશય હતો ગાય માતા. ભક્તો દ્વારા તેમને સહકાર પ્રાપ્ત થયો. સંસ્કૃત અને સંગીત સાથે એમણે કથાનું રસ પાન કરાવ્યું.

રામભક્ત **શ્રી કનુભાઈ રાજગુરુ** દ્વારા સંગીત સાથે રામરસ ગાયો સરસ એવા એમના મધુર કંઠે એમણે ભક્તો ને ભક્તિમાં તરબોળ કર્યા. જાણે ત્રણ દિવસ તો ક્યાં પુરા થયા એ ખબરે ના પડી અને એમના યુ.કે ના જુના સહવાસ ને કરણે રામભક્તો એ રસને લૂટ્યો.

આનંદમૂર્તિ ગુરુમા, જેમના દર્શન ટી.વી. ૫૨જ શક્ય છે. તેમણે અંગ્રેજી ભાષાના માધ્યમ દ્વારા ભક્તિનું સ્વરૂપ બતાવ્યું. મંદિરના સ્વયંસેવકોએ ખાસ કાળજી લઇ હોલ ને શણગાર્યો. શાંતિ પૂર્વક સતત ૩ દિવસ ભક્તિનું જ્ઞાન પીરસ્યુ.



सुंदर मंदिर के भाव प्रधान सेवकों सहित सभी प्रेमीजन ईश्वर कृपा पात्र हैं। सर्व का मंगल हो। सर्व पर प्रभु दयालु रहें
गुरुमाँ ॐ

૨૪ ઓગસ્ટ થી ૧ સપ્ટેમ્બર દરમ્યાન **શ્રી લીંબાચિયા સમાજ** દ્વારા આયોજિત દેવી ભાગવત નું આયોજન થયું જે દરમ્યાન **શ્રી મિતેશ ભાઈ** એ રાંદલ માતાના લોટા, હવન, તર્પણ અને પૂજન સાથે કથાનું પાન કરાવી સમાજને કૃતકૃત્ય કર્યો હતો.

દીદી માં ઋતુંભરા દ્વારા ૪ દિવસની કૃષ્ણ કથા નો સત્સંગ થયો. જેમાં પ્રેમ સભર વાણી સાથે કૃષ્ણ જન્મોત્સવ જન્માષ્ટમી ના પવિત્ર દિવસે ઉજ્વાયો. જેમનો મુખ્ય સંદેશ **નાના બાળકોની સેવા એજ પ્રભુ સેવા** રહ્યો હતો.



"श्रद्धा और प्रेम भक्ति से युक्त, उपासना आराधना कथा प्रवचन की "भाव धारा" श्री हिन्दु मन्दिर में, सदा बहती रहती है। मैं जब भी यहां कथा करने आई, सब भक्तजनों में सहज प्रसन्नता एवं मन्दिर प्रबंधकों का उत्साह देख कर प्रभावित हुई। भगवान की मनोहर झांकी मन को मोहित करती है, और आपस में आपका संगठन और प्रेम एक नयी आशा पैदा करता है। ॐ शुभेच्छा सहित
दीदी मां ऋतम्भरा
7-9-2015

આ વર્ષની અંતિમ કથા **શ્રી છગનભાઈ જોશી** દ્વારા પિતૃ મોક્ષાર્થે શ્રીમદ ભાગવત કથાનું રસ પાન કરાવ્યું, જેમાં શ્રી બચુભાઈ ઓડેદરા મુખ્ય યજમાન બન્યા.

સંત શ્રી જેન્તિરામ બાપા, સંત પૂરણ ધામ (ધૂંનડા, જામનગરથી) પધાર્યા હતાં, જેવોએ સુંદર ભજન દ્વારા માર્મિક રસ પીરસ્યો હતો.

Visitors & Comments

School visits

Shree Hindu Temple and Community Centre welcomes students of all ages from around the country to visit and gain knowledge on Hinduism.

Visitors from India

Children's dance group from Ahmadabad, Gujarat, India visited the Temple and presented a special gift - "image of Ganesh carved out of precious gem stone"

Shree Hindu Temple is for everyone. All guests, visitors and devotees are warmly welcomed and blessed.

"Thank you so much for inviting me to join you again. A very special evening and wonderful hospitality."

Lady Gretton
H.M. Lord-Lieutenant of Leicestershire

Lord Mayor of Leicester and Vice Chancellor withInterfaith Visitors.

Regular Activities At Shree Hindu Temple

Yoga Classes

Every Monday from 10:30 am to 11:30 am for children and adults of all ages.

યોગા

દર સોમવારે યોગા - સવારે ૧૦:૩૦ થી ૧૧:૩૦

Free Legal Advice

Every First Saturday of each month legal advice is given by a qualified Solicitor.

લીગલ એડવાઈસ

દર મહિનાના પહેલા શનિવારે સોલીસીટર દ્વારા ફ્રી એડવાઈસ

GCSE Tuitions

English, Maths and Science classes every Tuesday from 5pm to 7pm for children studying for GCSE examination

ઈંગ્લીશ, મેથ્સ, સાયન્સ

દર મંગળવારે ઈંગ્લીશ, મેથ્સ અને સાયન્સના વર્ગો સાંજના ૫ - ૭ વાગ્યા સુધી ચાલે છે.

Gujarati Classes

Every Thursday and Friday from 5pm to 7pm for children aged between 5 to 16 years old.

ગુજરાતી શિખો

દર ગુરૂવારે અને શુક્રવારે બાળકોને ગુજરાતી શિખવા ના વર્ગો સાંજના ૫ - ૭ વાગ્યા સુધી ચાલે છે.

Sabri Satsang Mandal

Come and enjoy Bhajan & Kirtan with Sabri Mandal on every Thursday afternoon from 2pm - 4pm

શબરી મંડળનો સત્સંગ

દર ગુરૂવારે અને આગિયારસના શબરી મહિલા મંડળનો સત્સંગ બપોરે ૨ થી ૪ વાગ્યા સુધી

Shakhi Mandal

Come and join us on variety of activities every Friday 11am - 1pm

સખી મંડળ

દર શુક્રવાર સવારે ૧૧ થી ૧ વાગ્યા સુધી

Gitaji Classes

Regular Bhagvad Gita classes will be starting in 2016.

ગીતાજી કલાસીસ

ભાગવત ગીતા ના કલાસીસ ૨૦૧૬ માં શરૂ થશે.

Core Beliefs of Hinduism

Shastras, Atma, Karma, Murti-Puja, Guru-Shishya, Ahimsa

Hinduism, also known as the Sanatan Dharm, or "Eternal Way," is our planet's original and oldest living religion, with over one billion adherents. Today it has four main denominations: Saivism, Shaktism, Vaishnavism and Smartism, each with hundreds of lineages. They represent a broad range of beliefs, practices and mystic goals, but virtually all concur on certain bedrock concepts.

All Hindus worship one Supreme Reality, though they call it by many names. There is no eternal hell, no damnation, in Hinduism, and no intrinsic evil-no satanic force that opposes the will of God. Hindus believe that the cosmos was created out of God and is permeated by Him-a Supreme Being who both is form and pervades form, who creates, sustains and destroys the universe only to recreate it again in unending cycles. Each soul is free to find his own way, whether by devotion, austerity, meditation, yoga or selfless service.

Hinduism's three pillars are temple worship, scripture and the guru-disciple tradition.

Hinduism strongly declares the validity of the three worlds of existence-physical, astral and spiritual-and the myriad Gods and devas residing within the inner worlds. Festivals, pilgrimage, chanting of holy hymns and home worship

One Supreme God

Hinduism has often been misunderstood and misinterpreted as a religion of many 'Gods'. But Hindus believe in one supreme Bhagwan (God). The Rig Veda (1.164.45) clearly states Ekam sat vipraha bahudha vadanti – 'To what One, sages give many names'. He is sat-chit-anand (eternal, consciousness and blissful). He is supreme, all-powerful, the all-doer and all-pervading.

The Vedas

The Vedas are the ancient sacred texts of the Hindus that were revealed by God to the enlightened rishis of India. All the Hindus texts derive their source and authority from the Vedas.

Atma

The nearest translation of atma is 'self' or 'soul'. The ancient rishis of India turned their thoughts inward to discover their inner self. The atma is eternal, infinitely blissful, luminous and pure; beyond sorrow and decay.

Karma

Karma means action or deed. No one can remain without performing karmas for even a moment (Bhagavad Gita 3.5,8), any physical, mental and emotional action is call karma. Karma is the universal law of cause and effect.

Punarjanma

The death of one's body does not destroy one's atma, which is eternal. The atma takes on another body based on its karma (Bhagavad Gita 2.22) this is called punarjanma, rebirth or reincarnation.

Ahimsa

Devout Hindus believe in and practise the principle of ahimsa, or non-violence. Ahimsa does not mean nonviolence in deed alone, but also in thought and speech. With this belief, Hindus respect all life forms and thus practices ahimsa and compassion.

Guru-Shishya

The guru-shishya (master-disciple) relationship is unique to Hinduism. Thousands of years ago from the Upanishadic times, the guru tradition has served the role of imparting spiritual knowledge to disciples. The guru guides, inspires and also engages the disciples in the rigours of the spiritual path. The God-realised guru represents God; he does not become God.

Murti Puja

Sacred Image of the Supreme

Since it is not possible to focus upon God merely in thought or name, the rishis made pratiks (Symbols) and pratimas (images or murtis) of clay, stone or wood. With elaborate rituals God was invoked (pran-pratishtha) into the murtis. The rishis regarded the murtis as God himself and they became the focus of worship. The ancient of murti-puja imbues divine peace and joy in devotees.

Avatarvad

Avatarvad is the belief that the one, supreme God takes a human form in order to liberate countless jivas from material bondage and the cycles of birth and death. Avatar literally means 'one who descends'. The approximate English words is 'incarnation'.

Four Purusharths

The four Purusharths or goals of human life are:

1. Dharma (righteousness, duty and moral order)
2. Artha (wealth and prosperity)
3. Kama (worldly desires)
4. Moksha (liberation)

The Bhagavad Gita and its Relevance Today

Jiva Odedra MBA, Leicester 2015

The eternal words from the dialogue between Lord Krishna and Pandava Prince Arjun on the battle field of Kurushektra over 5000 years ago in form of the Bhagavad Gita are increasingly relevant today.

The enhanced understanding of the Bhagavad Gita makes the humanity realise despite having the Bhagavad Gita and preserving its original message, the Indian civilisation has witnessed numerous invasions and attacks. Today, millions of Indians remain poor and visibly troubled mentally, physically and spiritually.

In its core message the Bhagavad Gita provides clarity on constant changes in our everyday lives and how all bodies in colours and forms are made up from five basic elements – water, fire, earth, air and space. The forms change the spirit remains eternal. The Bhagvad Gita provides us with perfect explanation of how to recognize the divine in ALL, irrespective of faith, gender or any particular ethnic affinity.

The Bhagvad Gita gives instructions on how to carry out selfless actions without desiring the fruits or outcomes. The Bhagvad Gita emphasizes the importance of hard work and provides outlines about becoming a good human being. It makes clear to humanity that to carry out the task at hand efficiently is our duty but we have no right to expect the fruits for the effort.

We often hear the talk of *'Mother India'* and many Indians feel offended or emotional regularly when issues of faith or geography concerning the subcontinent are in news; or cry foul play when the 'Indian' label is violated or seen by other faiths or nations from different view point.

However, we have no problem spitting on the same mother earth after enjoying Paan-Faki; some of us throw rubbish anywhere we desire, happy to spend someone else's pound to save our precious pennies, our temples and places of worships remain magnets which attracts looters in different disguises; in the contemporary times only the means and methods of looting seem to have changed. We have no problem in feasting on a delightful hefty meal when some children outside our house might be going hungry. In fact, these children may not even know when or where their next meal will be. In many events, we are decidedly clear and happy that peoples past **Karma** are responsible for their current state of existence.

However, the Bhagavad Gita defines a problem as not ***what*** we lack, but ***that*** we lack; and it informs the Indians that ultimately we are the solution because we are also the problem.

In main, there are two kinds of problems;

1. ***which has its solution outside the problem***
2. ***which has its solution within the very problem itself.***

When the solution to a problem is outside the problem, it means that we have to consider some measures of activities to solve the problem. However, when the solution is within the problem, there is no problem – here the only problem is us and the solution is also us. When we do not understand something, it is a problem for us, whereas if we do understand, there is no problem.

The understanding is the solution. ***When viewing the world through the Bhagavad Gita, we have absolutely no problem or should not have.***

From the Bhagavad Gita we learn that we are all creatures whose every action is driven by likes and dislikes (Raag-Dwesha); the Bhagavad Gita makes us appreciate how our knowledge is limited; and a decision to not perform or not carrying out duty is also a deliberate action. The knowledge associated with the external objects cannot make us eternally happy.

In main, the Bhagavad Gita promotes self-less activities carried out through attitude of Action (Karma), while maintaining knowledge of divine (Jnana) and total Devotion (Bhakti) to the task at hand.

The Bhagavad Gita helps humanity shed light ahead on a pathway of undertaking the most arduous tasks efficiently while maintaining the personal character above all else and selflessly serving others and therefore live a life of a moral leadership.

It is worth noting that the concept of character is most confusing and often contradictory yet the Bhagavad Gita puts forward a succinct definition,

'An honourable individual condition gained through the intentional pursuit of virtue and maintained over the course of a lifetime.'

The Bhagvad Gita provides a clear picture of what virtue means and provides humanity with guidance on some specific virtues that are absolute and worth maintaining. In this sense the Bhagavad Gita leads us all by prescribing which virtues are worth cultivating and aids in maintaining the personal character;

In fact, by closer examination of the Bhagavad Gita, it is possible to construct a template of types of people individuals are expected to become and how to faithfully execute this character throughout the entirety of their lives under every imaginable circumstance regardless of how demanding or harsh the conditions are presented in the theatre of life.

In the Bhagavad Gita, Lord Krishna refers to three different human temperaments which are continuously impacts each and every human being:

- Satvik emphasising the purity of thoughts, words and actions
- Tamsik observed in form of an attitude of ignorance
- Rajsik manifested in forms of passionate attachments

The Bhagavad Gita, being the refined representation of all Upanishads provides clarity on the characteristics of the inertia (Tamsik) and resultant emotions such as delusion, fear, despondency, sleepiness, weariness, heedlessness, old age, sorrow, hunger, thirst, wretchedness, anger, atheism, ignorance, jealousy, cruelty, stupidity, shamelessness, religious neglect, pride, un-equableness; and the characteristics of the passionate temperament (Rajsik), being inner thirst, affection, emotion, covetousness, maliciousness, lust, hatred, secretiveness, envy insatiability, unsteady, fastness, fickleness, distractedness, ambitiousness, acquisitiveness, favouritism towards friends, dependence upon surroundings, hatred in regard to unpleasant objects of sense, over-fondness in regard to pleasant objects, sourness of utterance, gluttonousness. The attributes of the Satvik temperament makes humanity do what is right and while maintaining the knowledge of the divine and

the devotion to Sat-Chit- Ananda (eternal truth – consciousness and permanent bliss)

The Bhagvad Gita provides clear instructions on how to be a better human being by maintaining consistency of thoughts, words, emotions, attitudes, behaviour and action in all human endeavours.

For all of us, irrespective of faith, gender or ethnic backgrounds by learning to develop friendliness, compassion, cheerfulness and the gratitude it is possible to develop purity of body, thoughts and emotions. On the opposite end of this spectrum of behavioural qualities, it is worth noting that the opposite of friendliness is hatred and enmity, the opposite of compassion is cruelty, violence and unkindness, the opposite of cheerfulness is sadness, misery, anguish and worry, the opposite of gratitude is ingratitude or in plain words ungratefulness.

Someone whose life and emotions are in the opposite aspects of friendliness, compassion, cheerfulness and gratitude, is likely to be in a state of mixed emotions. In fact, if this thought is to be taken to a logical conclusion, it can be simply said that no external object can ever make individual display friendliness, compassion, cheerfulness and the gratitude; it inevitably emerges from deep core within and no external stimulant can make a human being permanently happy.

The emotions are at a much deeper level than the body and thoughts. In day to day existence it is important to maintain the purity of thoughts and therefore emotions. In fact, it can be said that the purity of emotions is more useful than that of the body and of the thoughts.

It is also true that each body being a subject is surrounded by the external objects and each soul is surrounded by the thoughts. In the Bhagavad Gita having heard Lord Krishna Arjun is heard asking Lord Krishna that it is easier to control the blowing winds but difficult to control the mind. Therefore, it is worth noting that the thoughts will keep appearing and disappearing like clouds but the process of creating these thoughts must be watched and we must become witness to our minds activities.

When a mother watches her child play with the toys; one is assured by mothers that her mind is firmly fixed on the child and not the toys. Likewise the sensory organs (representing toys) being driven by the Mind (representing the Child) must be monitored by the soul (representing the mother).

In short, majority of individuals do not live so much according to thoughts, instead individual's live more according to their emotions. It is so often claimed that an individual is a rational creature but that is far from the truth and is in reality driven by values and attitudes which in turn are shaped by the life experiences.

Not many things in life gets done as a result of thinking, most of what individuals do is influenced by their emotions. The hatred, the anger and the love are all related to emotions, not to thoughts.

Therefore, it can be safely accepted that for every emotions there is a thought in the background; and almost all of the activities in life originate from the world of emotions, not from the world of thoughts.

How often an individual thinks of something and yet when the time comes to actual action that obvious thought, the same individual ends up doing something else. This is another proof of difference between thinking and emotions.

In this brief presentation I have attempted to

introduce beautiful and eternal Bhagavad Gita. However, I remain hopeful that few of the readers will learn to take a dive in to this deep ocean of the Knowledge hidden in the Bhagavad Gita and ultimately discover that the bubble, the water and waves are all One. May they also learn from the Bhagavad Gita that the seer, the seen and seeing is One.

I conclude here with a thought from the Vedic scriptures which emphasises different behaviour when it comes to attitude towards work through thoughts, words and action.



प्रारभ्यते न खलु विघ्नभयेन नीचै:,प्रारभ्य विघ्नविहिता विरमन्ति मध्या:।

विघ्नै: पुन: पुनरपि प्रतिहन्यमाना:, प्रारभ्य चोत्तमजना न परित्यजन्ति॥

''People of the lowest category do not undertake any work fearing obstacles. Mediocre people make a start, but stop working when they encounter hindrances. The best among human, however, after commencing a job do not give up in spite of recurring impediments.''

Join the dots ...





શ્રી વીર વાછરાડાડા

પડાણે થી પધાર્યો, છત્રાવે ચડીધાર...
મરતા મરતા ચારણ ઉગાર્યો...મારી વેગડ ના આવી વીર વાછરા...

સૌરાષ્ટ્રની ખમીરવંતી ધરા, વીર, સંત, સુર, સતી, સાધ્વી અને બહારવટીયાની જમીન એટલે જાહેલવાડ, ગોહેલવાડ, કાઠિયાવાડ, હાલાર અને કચ્છ ભૂમિનો ઈતિહાસ. જેમાં આજે પણ શ્રી વીર વાછરાડાડાના પરાક્રમ અને તેજના તારલા જોવા મળે છે.

સૌરાષ્ટ્રના સુંવાળ પ્રદેશના કાલવિ ગામમાં સોલંકી કુળના હાથીજી રાજપૂત રહે છે. જેના પત્ની નું નામ કેસર બા છે. જે ખૂબજ ધાર્મિક, સરળ અને પવિત્ર હતા. એમના ખાનદાન ની કીર્તિ ફૂલડાની ફોરમની જેમ રોજથી રોજ આખા પ્રદેશમાં ફેલાતી હતી. સતત એ શ્રી કૃષ્ણ ના પરમભક્ત હતા. જાગીરદાર હોવા છતાં પણ, વિશાળ શરીર, મૂંછ અને દાઢી ના કારણે ગરવા ગીરનાર ના અવધૂત લાગતા હતા.

બધુંજ બરાબર હતું, પણ સંસારના ૨૦ વર્ષ થયાં છત્તા તેમને કાંઈ સંતાન ન હતું. આ વાતનું કેસરબાના મનમાં રોજ દુખ થતું. તેઓ સ્ત્રી હોવાને કારણે એવું માનતાં કે:

હાથે પોંચી હેમની અને ગળે એકાવન હાર,
પણ જેને ઘર નહિ પારણું એનો એળે ગયો અવતાર

તેઓ રોજ માતાજીની ઉપાસના કરતાં. એક વખત હાથીજી મહારાજ ને જળસમાધી લઈ પોતાનું જીવન ટૂંકાવી દેવાનો વિચાર આવ્યો. અને તેઓ યમુના નદી પાસે જઈ તેમાં પડવા જાય છે. તેવા સમયે આકાશવાણી થઈ અને શ્રી યમુનાના ધરા માંથી એક તેજ પુંજ દેખાયું. વાંકડિયા વાળ, મધુરી મુરલીધર નંદ કિશોર દેખાયા જેણે મહારાજને વચન આપ્યું કે હું તમારા ઘરે ગાયોના રખેવાળ તરીકે અંશ રૂપે અવતરીશ.

ભગવાનની અસીમ કૃપાથી કેસર બા ને ત્યાં માંગલિક દિવસો આવ્યા અને ત્યાં આનંદની લ્હેર છવાઈ. આમ પણ આપણે ત્યાં કહેવત છે કે દસ દસ ફૂટના દસ કુવા ખોદવામાં આવેતો પાણી ન આવે પરંતુ જો એકજ કુવો સો ફૂટનો હોય તોજ પરિણામ આવે. તેવીજ રીતે જો પરમાત્મામાં અવિરત શ્રદ્ધા હોય તોજ પરિણામ આવે. અને ત્યાં એક દીકરાનો જન્મ થયો, જેનું નામ બળદેવજી રાખવામાં આવ્યું. ટૂંક સમય બાદ ત્યાં બીજા બાળકનો જન્મ થયો જેનું નામ 'વછરાજ' રાખવામાં આવ્યું.

વછરાજની ઉમર બાર વર્ષની થઈ અને તેની પ્રીતિ ગાયોમાં થવા લાગી. મોટા ભાઈ બળદેવના લગ્ન થયાં અને વછરાજ ગોવાળિયાનું જીવન જીવવા લાગ્યા. ગાયોને નવડાવવી, ઘાસ ખવડાવવું, પાણી પીવડાવવું તે એમના જીવનની દિનચર્યા બની ગઈ. એક વખત વરસાદ ન થવાથી દુકાળ પડ્યો અને ગાયો માટે પાણી પણ ન રહ્યું. એવા સમયે વછરાજ તેમના કાલવિ ગામની નજીકમાં વડાવલી ગામ ગયા, ત્યાં તેમણે જમીન ઉપર એક ભાલો મારી તેમાંથી પાણી પ્રગટ કર્યું. આજે પણ એ જગ્યાએ પાણીની ધારા અવિરત ચાલુ છે.

અમુક સમય જતાં એમના માતા પિતાનું અવસાન થયું. ત્યાર પછી રજપૂતી જીવન જીવ્યા અને કુળની ગરિમાને જાળવી રાખી એટલે તો ગાઈએ છીએ કે

સબળો સોલંકી કુળમાં અને તું મહા ભળતાલ....
પણ વધારી કુળની લાજ, એ તે તો વટથી જગમાં વાછરા

એક વખત તેમના ભાભીના પિયર માંથી મહેમાન આવ્યા. જેમની મહેમાન-ગતિ વછરાજને સોંપવામાં આવી કેમકે એ ખૂબજ મર્યાદાવાન હતાં પણ ત્યારેજ ગામના પાણીના તળાવમાં નાની ગાય (વાછળી) તણાય જવાના સમાચાર મળ્યા,

તે તત્પર તેની રક્ષા કરવા ગયા, જેથી ભાભી એ મેણું માર્યું કે:

"ઘર માં નહી પણ બારેજ રહો ગાયોની સેવામાં"

જેમ કૈકેઈના વચન ને પાડી રામ વનમાં ગયાં તેમ વછરાજ પણ બારે રહેવા લાગ્યા. આ સમાચાર તેમના મામા સામંતસિંહ રાઠોડ ને મળ્યા અને એ આવી વછરાજને પોતાના ગામ લુણાવા લઈ ગયા. આમતો વછરાજને ત્યાંજ પહોંચવું હતું કારણકે ત્યાં સિંધ પ્રદેશમાંથી રોજ ચોર અને લુટારા આવી ગાયોને લઈ જતાં. વછરાજને આ મનમાં ખટકતું હતું. એમને આ અધર્મ નો નાશ કરવો હતો.

થોડા સમય જતાં મામાએ બાજુનાં કુંવર નામ ના ગામમાં શ્રી વીર વછરાજનું સગપણ 'ઉનાબા' સાથે નક્કી કર્યું. પણ મામા ને ખબર ન હતી કે 'સાવજ કોઈ દિવસ સાંકળે બંધાતા નથી'. તેમના લગ્ન માટે કાલવિ ગામથી ભાઈ અને ભાભી પધાર્યા, વછરાજ લગ્ન માટે તૈયાર થયાં.

પગે રાઠોડી મોજડી, ખંભે શિરોહી તલવાર,
જેના કાને કુંડળ જળહળે...એ તો વરરાજો વછરાજ

સવારે સૂર્ય વંદના કરી જાન પ્રસ્થાન થઈ. લગ્ન ગીત ગવાયા. ગાડા, ઘોડા અને રથ તૈયાર થયાં. એ જાન કુંવર ગામ પંહોચી. લગ્ન શરુ થયાં અને ત્રણ મંગલ ફેરા પૂરા થયા અને સમાચાર મળ્યા કે દુશ્મનો ગાયોને વારી ગયાં. એજ સમયે વીર વછરાજે લગ્નની વરમાળા ઉનાબાના હાથમાં સમર્પિત કરી, ધીંગાણાના યુધ્ધમાં નીકડી પડ્યા. તેઓ દરરેક ગાયોના ધણને દુશ્મનોનો સંહાર કરીને લાવ્યા. એવા સમયે તેમના બહેન સમાન જગદંબા દેવલબાઈ આવીને કહે છે કે:

ધણ આવ્યું ધણ શેરીએ, ખાડું આવિયું ખાખરે...
જેની દુધડીએ દિવડા બળે એ મારી વેગડ ના આવી વાછરા

હે વછરાજ, ગાયો ભેંસોના ટોળા આવ્યાં પણ જે વેગડ નામની ગાય જેના દૂધથી દિવા પ્રગટે તે હજુ ના આવી. આ સાંભળતાજ વછરાજ આ વેગડ નામની ગાય ને લાવવા પાછા ગયાં. જે સમયે જંગલની જારી પાછળ સંતાયેલા દુશ્મનોએ દગાથી વછરાજનું શીર ધડથી અલગ કરી નાખ્યું. એ ધડ ૨૨ કિલોમિટર સુધી દુશ્મનો સાથે લડતું ગયું અને બધા દુશ્મનો નો નાશ કર્યો. અને જ્યાં આ ધડ પડ્યું તે જગ્યા આજે પણ વછરાજબેટ તરીકે ઓળખાય છે.

આ બાજુ બધા રાહ જોતા હતા કે વછરાજ હજી પાછા કેમ ન આવ્યાં. તેમને ગોતવાના પ્રયાસોથી તેમનું મસ્તક મળ્યું. દેવલબાઈ તેમનું મસ્તક લઈ ધડ સુધી પહોંચ્યા અને શરીર સાથે સંધાન કર્યું. દેવલમાં જોગમાયાની દયાથી વછરાજે આંખો ઉઘાડી. ત્યારે ચોથું મંગલ ફેરો ફરવાનું કહ્યું, પણ આ ક્ષણે વછરાજ પોતાની લીલાઓની સમાપ્તિ જાહેર કરી દેહવિલિન થયાં.

જે જગ્યા 'વછરાજબેટ' કહેવામાં આવે છે, ત્યાં વીર વછરાજનું મંદિર, તેમની પત્ની નું મંદિર, વેગડ ગાયની સમાધિ છે, જેના દર્શન દૂર દુરથી માણસો કરવા આવે છે. માનતાંઓ કરે છે. એમના મંદિર ફાગવેલ, પડાણા, છત્રાવા, કાલવિ, જીંજુવાડા જેવા અનેક જગ્યાઓએ છે, જ્યાં આજે પણ સત્યની અમર જ્યોત ચાલે છે. અને ઘણી ગૌશાળાઓ છે.

નામ:	શ્રી વાછરાડાડા
પિતા:	હાથીજી બાપુ
માતા:	કેસર બા
મોટાભાઈ:	બળદેવજી સોલંકી
પત્ની:	ઉનાબા
મામા:	સામંત સિંહ રાઠોડ
બાળપણ:	કાલવી ગામ
મોસાળ:	લોલાડા (પંચમહાલ)
સાસરું:	કુંવર ગામ
ઘોડીનું નામ:	રતન
ઘોડાનું નામ:	હંસલો
ગાય:	વેગડ
ગોવાળ:	પાચો
ઢોલી:	હિરો
મુખ્ય યુધ્ધ:	સિંધ પ્રદેશ
દેહ-વિલીન:	ફાગવેલ, ખેડા ગુજરાત
શરીરની પૂજા:	જીંજૂવાડા (સુરેન્દ્ર નગર)
નીવેદ (ભોજન)	ગોળની લાપ્સી

લી. શાસ્ત્રી દિલીપભાઈ જોશી
(શ્રી વછરાજ જીવન ચરિત્ર માંથી)

પૂજ્ય ત્રિકમજી બાપુ

"સચ્ચિદાનંદ પ્રભુ પરમ કૃપાળુ પરમેશ્વર તમે દિન દયાળુ વિશ્વંભર ઓમ ઓમ ઓમ"

આપણા પૂ. બાપુએ આપેલા આ મંત્રનો ઉચ્ચારણ કરતાં રોમ રોમ પુલકિત થઈ ઉઠે છે. આ મંત્ર જેવાજ દિવ્ય આપણા બાપુ વિષે થોડુંક જાણીએ. પૂ. બાપુનો જન્મ ૧૯૨૦ માં કુણવદર નામ ના ગામમાં ૭ સુદ પોષ માસે થયો હતો. તેમના પિતાનું નામ હરીદાસજી અને માતાનું નામ લાછબાઈ હતું. આ ઋષિ જેવા બીજા પુત્રના જન્મ બાદ પિતાનાં મનમાં વિચારો નૃત્ય કરવાં લાગ્યાં કે હું આ દીકરાને ગોર મહારાજ બનાવીશ. રાણા સાહેબનો ગોર બનાવીશ જેને દેશ અને દુનિયા પગે લાગશે.

જયારે પુત્રને પહેલી વાર જોયો ત્યારે તેમેના મુખમાંથી 'વાહ ત્રિકમજી વાહ' ના શબ્દો સરી પડ્યા અને આ પુત્રનું નામ ત્રિકમજી પડી ગયું. કેટલું વિલક્ષણ નામ! નામમાં કેટલો પ્રભાવ! નામ પ્રમાંણેજ વિલક્ષણ ગુણ ધરાવતા ત્રિકમજીને પાઠશાળામાં અભ્યાસ કરવા માટે મૂકવામાં આવ્યા. ત્યારે પાટીમાં માત્ર મીંડાજ કરે. આગળ લખેજ નહીં. કહે કે આ મનખા દેહ મીંડા જેવો જ છે. પિતાને થયું ભણતો નથી કામે લગાડી દઈએ.

એક દિવસ ત્રિકમજી ને બળદ ચારવા મોકલ્યા, બળદ ચરતા રહે અને ત્રિકમજી આકાશ સામે જોતા વિચાર મંથન કરે. એક માણસે તેમને કહ્યું કે 'તારા બળદ તો ખેતરમાં ચાલ્યા જાય છે' પણ ત્રિકમજી તો સતત ચિંતનમાં ડૂબેલા જ રહેતાં અને કહેતા કે 'ચિંતા ના કરો, બળદ પાછા આવી જશે'. તે માણસને અપમાન લાગ્યું. તેણે આ વાતની ફરિયાદ ત્રિકમજીના પિતાને કરી કે ત્રિકમજીએ મારું અપમાન કર્યું અને તે કોઈ વાત કે શીખામણ સાંભળવા તૈયાર નથી.

પિતાને ખૂબજ ગુસ્સો આવ્યો તેમને ત્રિકમજીને સોટીથી સુધારવાનું નક્કી કર્યું. પણ તેઓ ત્રિકમજીના મુખ પર ચમકતી લાલી અને દિવ્ય તેજ જોઈ ગદ ગદ થઈ ગયાં. મોટા થયા છતાં ત્રિકમજીના વર્તમાનમાં કોઈ સુધારો ના આવ્યો. નીશ્ફીકર જીવન, મનન-ચિંતન સતત ચાલતું હતું. એક વાર ગુસ્સામાં પિતાશ્રી થી બોલાઈ ગયું કે 'જા ભાગી જા' અને ખરેખર તે ઘરમાંથી ભાગી ગયાં. પછી તો પિતાનાં પસ્તાવાનો પાર નહીં. ગામે ગામ ફરી વળ્યા પણ ત્રિકમજીનો ક્યાંય પતોજ નહીં. માતા આક્રંદ કરવાં લાગ્યાં કે જો પુત્રને પરણાવી દીધો હોત તો તેની પત્ની ને છોડીને ક્યાંય જાત નહીં.

બે ત્રણ મિહના પછી ઘેર એક પત્ર આવ્યો, આ પત્ર કોઈ બીજાએ લખેલ હતો. ગામ માંથી યાત્રા માટે સંઘ ગયેલ હતો તેમાંથી એક વ્યક્તિ એ લખેલ હતો જેમાં લખ્યું હતું કે અમે દેવ દર્શન કરીએ છીએ, શ્રી યમુનામાં નહાઈએ છીએ અને ત્રિકમજી અમારી સાથે છે. પિતાનાં મનમાં શાંતિ થઈ કે ચાલો યાત્રામાં ગયો છે, બાવો તો નથી થયો. તેમણે તત્પર મોટા દીકરાને યાત્રાએ જઈ ત્રિકમજીને પાછા લાવવા કહ્યું.

આ તરફ યાત્રામાં બધાં સાથે હોવા છતાં, અલગારી જીવ પોતાના ચિંતનમાંજ મગ્ન રહેતાં હતાં. લોકોને દર્શન કરતાં, ભગવાનને ઝૂલાવતા અને ઝગડતા જોતા હતાં. બ્રાહ્મણો અને પંડિતોને ભગવાનના નામે ઠગતા જોતા હતા. તેઓની સાથે રહેતા હોવા છતાં જગતથી દૂર હતાં.

ત્રિકમજી મોટા ભાઈ સાથે ઘેર પાછા આવ્યા. તેઓના સારા ઘરની કન્યા સાથે તેમના લગ્ન લેવાયા. આ બાપુ ના જીવન નો પહેલો તબ્બકો કહી શકાય. લગ્ન સામાન્ય માણસ માટે તો બંધન રૂપ નીવડે પણ પ્રભુના કૃપા પાત્ર લોકો માટે મૂક્તિ દાયક હોય છે. લગ્ન થયાં એટલે જવાબદારી, રોજીરોટી માટે ખેડ, ત્રિકમજીને સખત મહેનત કરવી પડતી. તેમને મનમાં થતું કે આ બધી જંજાળમાં હું ભગવાન ને ભૂલતો જાઉં છું. પણ ભગવાન તેમેને ભૂલ્યા ન હતા – કર્મ ના

નિયમ પ્રમાણે તમે ભગવાન ને યાદ કરો તો ભગવાને પણ તમને યાદ કરવાજ પડે. તેમની વધતી જવાબદારીને લીધે, આધ્યાત્મિક માર્ગમાં જતાં તેમને ૪ વર્ષ મોડું થયું. આ સમય દરમિયાન તેમને ત્યાં પુત્રીનો જન્મ થયો પણ નાની દીકરીને મૂકી તેમના પત્નીનું અવસાન થયું.

આધ્યાત્મિકનો માર્ગ સંઘર્ષ વગર તો પસાર થતો નથી. ડગલે ને પગલે અગ્નિ પરીક્ષા. એક બાજુ નાનકડી પુત્રીની જવાબદારી તો બીજી બાજુ કિર્તન સૂરનો ખેંચાવ. તેઓ દીકરીની જવાબદારી તેમના ભાભીને સોંપી કિર્તન-સત્સંગમાં ચાલ્યા જતાં. ઘરમાં ભાભીનાં મેણા-ટોણાથી કંટાળીને ત્રિકમજી નાની બાળાને લઈને ચાલતા થયાં. ચાલતા ચાલતા કુણવદરથી રોઝડા આવ્યા. ત્યાં ૨ વર્ષ રહ્યાં. તેઓ કોઈના ખેતરમાં કામ કરી પોતાનું ગુજરાન ચાલવતા. માતા વગરની તેમની પુત્રીના તે માતા અને પિતા બન્યા. ખેતરમાં કામ, રાત્રે ભજન કિર્તન અને મનન ચિંતન. આખરે ઈશ્વરને જે કરવું હતું તે થઈને જ રહ્યું. પુત્રી પણ માતાના રસ્તે સ્વર્ગ સિધાવી. આ બાજુ બંધન પણ છુટી ગયું.

હવે તો માત્ર ભજન કિર્તન અને ચિંતન. એક રાત્રે ખેતરમાં રખોપા કરવાનાં હતાં પણ તેઓ કિર્તનમાં એટલા મસ્ત બની ગયા કે એમને યાદ ન રહ્યું કે તેઓ ગામના ચોરે બેસીને ભજન કરે છે કે ખેતરમાં રખોપા કરેછે. કોઈ એ ખેતરના માલિકને ફરિયાદ કરી કે ત્રિકમજીતો ગામ ના ચોરે બેસીને ભજન કરે છે. ખેતરનો માલિક જઈને જોવે છે તો બન્ને જગ્યાએ ત્રિકમજી જોવા મળે છે. આ જોઈ ગામના લોકો ત્રિકમજીને પગે લાગયા 'બાપુ, અમને માફ કરો અમે તમને ઓળખી ના શક્યાં'. અહિયાં બાપુના જીવન નો બીજો તબ્બકો શરૂ થાય છે.

ચાલતાં ચાલતાં બિલખામાં નથુરામ શર્માજીના આશ્રમ પાસે આવ્યા. કથા ચાલુ હતી. કથા પૂરી થાય તો શર્માજીને મળી શકાય. મેલા ઘેલા કપડાં, માથે ફેંટો પણ ઝગારા મારતું મુખ જોઈ નથુરામ શર્મા ઓળખી ગયા કે પાત્ર યોગ્ય છે. કથા બાદ શર્માજી એ પૂછ્યું કે 'ક્યાં રહેવું?' જવાબ મળ્યો કે 'ધરતી પર'. શર્માજી એ પૂછ્યું કે 'શા માટે આવ્યા છો?' તો કહે કે 'ભગવાન મેળવવા'. ગુરુએ કહ્યું 'યુવાન છો, આખું જીવન પડ્યું છે. વૈરાગ્ય નો માર્ગ સહેલો નથી. તલવારની ધાર પર ચાલવા જેવું છે માટે પાછા ચાલ્યા જાવ.' ત્રિકમજી બોલ્યા 'હું પાછો જવા માટે નથી આવ્યો'. આ બાદ તેઓ આકરા અને સુસ્ત નિયમોમાં બંધાઈને ૬ મહિના ત્યાં રહ્યાં. ત્યાર બાદ તેઓ ગીરનાર ગયા. 'મને ભગવાન મેળવવા છે' બસ આ એક આશાએ સમાજ સેવા કરી.

ત્રિકમજી ત્યાંથી ચાલતા ચાલતા ઘુમલી આવ્યા, ભૃગુકુંડ પર આવ્યા. ત્યાં એક રબારી ભાઈ સૂતા હતાં. તેમણે ત્રિકમજીને જોઈ પૂછ્યું કે 'ક્યાં જવું છે?' અને જવાબ મળ્યો 'આભપરા' ત્રિકમજી ડુંગર પર ચડ્યા કે પાછા ૭ વર્ષ સુધી નીચે ઉતર્યાજ નહીં. બાપુએ પોતાની તપ, સાધના અને ભજનથી ત્યાનું વાતાવરણ એવું સર્જી દીધું કે ત્યાં આવતાં સાપ, નાગ, સિંહ, દીપડા કે શિયાળ બધાના સ્વભાવ બદલાઈ ગયાં. આ ૭ વર્ષ માં પહેલાં ૨ વર્ષ ફળ અને ફૂલ પર, પછીના ૪ વર્ષ પાંદડા પર અને છેલ્લું ૧ વર્ષ માત્ર પાણીની ૩ અંજલી પર દિવસ કાઢ્યાં.

આધૂનિક સમયમાં માણસો સિધ્ધિ જૂએ છે પણ સિધ્ધિ માટે કરેલી મહેનત, તપસ્યા, સાધના અને ત્યાગને ભૂલી જાય છે. આભપરાથી નીચે ઉતરતાની સાથે બાપુના જીવનનો ત્રીજો તબ્બકો શરૂ થયો. બાપુએ જોયું કે બરડાઈ બ્રાહ્મણ જ્ઞાતિ ખૂબજ પછાત છે પણ તેનું કારણ શું છે? આ બ્રાહ્મણો મુશ્કેલી અને ગરબીમાં તેમનું જીવન પસરતા હતાં. બાપુ ગોંડલ, કિલેશ્વર, સોંઢાણ વગેરે અનેક ગામોમાં તેમના પરચા દેખાડ્યા. તેમણે ભાટિયા ગામમાં એક બિમાર દીકરાને મૃત દેહ માંથી સજીવન કર્યો. બર્ડાઈ જ્ઞાતિના ઉત્કર્ષ માટે કન્યા-વિક્રય જેવા કુરિવાજો બંધ કરાવ્યાં.

ત્યાર બાદ બાપુ આદિત્યાણા રહ્યાં અને ત્યાંજ તેમણે સમાધી લેવાનું નક્કી કર્યું. બાપુની સૂચના પ્રમાણે ગાયના છાણથી જમીન લીપી ઉપર દર્ભ મૂક્યું. બાપુ તેના પર ઓમ બોલી લોટી ગયાં. આંખો બંધ કરીને ઊંડો શ્વાસ લીધો અને આ ક્ષણે તેમનો મહાન આત્મા શરીરનું પીંજર છોડીને ચાલી નીકળ્યો. એ વાતાવરણ સુગંધથી મહેકી ઉઠ્યું. આકાશમાં એક તેજસ્વી તારો તેજનો લીસોટો કરતો ગંગા તરફ જતો અદ્રશ્ય થઈ ગયો.

ભલે આજ આપણી વચ્ચે બાપુ સદેહે નથી. પણ સુક્ષ્મ દેહે, જ્ઞાન દેહે તેઓ આપણી સાથેજ છે. તેમના વચનો આજે પણ એટલાજ પ્રસ્તુત છે. એમની વાણી આજે પણ આપણને સત્માર્ગે લઈ જાય છે.

'પરબ્રહ્મ પ્રભુ હરી ઓમ સાક્ષાત. હરી ઓમ તત સત પરબ્રહ્મ પ્રભુ.'

લી. ભારતીબેન બી. કોટેચા (લેસ્ટર)

The story of Ramdevpir

Ramdev Pir is a Hindu deity originating from Rajasthan in India. He was a ruler in the 1300's and said to have miraculous powers who devoted his life for the upliftment of poor people in society. He is still today, worshipped by members of all religions.

Ajmalji Tanwar was married to Minalde the princess of Jaisalmer and after becoming the king of Pokhran (in Rajasthan) he had three daughters Lasa, Laxmi and Saguna.

King Ajmalji had no sons and he was a devotee of Lord Shiva, regularly making pilgrimages to Kashi. In medieval times a King without a male heir was considered unlucky. Once when Ajmalji was checking upon his kingdom he was spotted by some farmers who were preparing to sow the crops. They turned their faces as Ajmalji neared.

When the King asked why they had done this, they answered, "If we look at a barren Kings face, it might result in barren crops." Consequently, he went on a pilgrimage to Dwarka, where the temple of Krishna is located.

After praying, Krishna appeared to Ajmalji. Ajmalji told Krishna that he wants a wants a son like him. Krishna promised him that he will be gifted with two sons.

The King then returned to Pokhran. After nine months the first child was born. He was named Viramdev. Nine months later in the form of Ramdevji Lord Krishna was born.

He performed many miracles, even as a child.

When his mother Minalde was feeding him, milk was being warmed on a stove. Ramdevji put his hand into the boiling milk and cooled it.

His father provided a Darji Bhagat (a toymaker) to create a wooden horse, and to decorate it, gave him an expensive piece of cloth. However, the toymaker stole the cloth for his wife and made the toy using old cloth. When Ramdevpir sat of the horse, it disappeared into the sky. After, hearing this news Ajmalji imprisoned the toymaker. However, Ramdevpir returned and forgave the toymaker. Furthermore, it is said that as a teenager Ramdevji killed a demon named Bhairav, who resided in a nearby forest.

In bardic tales it is documented that Ramdevpir turned sugar into salt and back. Once on the outskirts of the town, a trader called Lakho Vanjaro, was transported sugar. However, when asked about the contents of his oxcart, he told Ramdevpir that it was only salt. By doing this he wanted to avoid paying taxes. Ramdevpir sifted some sugar through his hands and it all turned into salt. Lakho Vanjaro recognised his mistake and promised to always be truthful in life. His sugar was returned instantly.

The most famous miracle performed by Ramdevpir was in relation to the 5 Pirs (Saints) of Mecca (in Saudi Arabia). The delegation of Pirs went to Ranuja a town founded by Ramdevpir near Pokhran. The Pirs were received and were invited to lunch. However, the Pirs said that they only eat in their utensils, but they had left them in Mecca. Ramdevpir asked the Pirs to take another look. They saw their very own utensils.

Other than this Ramdevpir completed many miracles each more legendary than the last. 7

The second day of every month (as per the Vikram Samvant Hindu calendar) is known as a "Bij". Ramdevpir is worshipped on these day by all night "Bhajans" sung in his honour.

Ramdevpir inspired many saints in the years to come. These include, Jesal Toral, Sati Lirbai Maa, Harji Bhattu and Rupdev Maldev.

Credit: Dintaben Vaghela, Leicester

શ્રીમત ભાગવત સપ્તાહ એટલે શું?

સાત દિવસ સુધી શ્રી કૃષ્ણ ભગવાનનું સતત ચિંતન (સ્મરણ) કરવામાં આવે તેને ભાગવત સપ્તાહ કહેવાય. આપણે આ પવિત્ર સપ્તાહ શા માટે કરીએ છીએ? કોઈ પૂછે તો આપણે કહીએ કે તે પિતૃઓની મુક્તિ માટે, તેના રહેલાં અધૂરા ઋણ માંથી મુક્તિ માટે તથા તેના નવા જન્મમાં સરખી ગતિ મળે, સુખ મળે અને સબંધો માંથી પૂરી આઝાદી મળે. આપણે ભાગવત સપ્તાહ દ્વારા આપણા પિતૃઓને મુક્ત કરીએ છીએ. સાત દિવસ સુધી પૂજા-પાઠ, દાન, સેવા, ભક્તિ તથા સાત ગાંઠ વાળા વાસની પૂજા કરી તેઓને આપણા સબંધો માંથી છુટ્ટા કરીએ છીએ.

કહેવાય છે કે, જયારે દેવો સમુદ્ર મંથન કરતાં હતા, ત્યારે તેઓને અમૃતનો કુંભ હાથ લાગ્યો. ત્યારે તેમને વિચાર આવ્યો કે જો આ અમૃતના કળશને દેતા પણ જો આપણે ભાગવતજી મળે તો આપણું જીવન ધન્ય બની જાય. કળયુગમાં ભાગવત જેવા શ્રેષ્ઠ પુસ્તકનું પૂજન તથા સ્મરણ કરવાથી આપણે સતયુગના પંથે પહોંચી શકીએ. પણ ત્યાં પહોંચ્યા બાદ આપણે ભાગવત બોધ આપણા જીવનમાં ઉતારવો ખૂબ આવશ્કય છે અને તેજ મોક્ષને પામનારી સીડી છે.

ભાગવત કથાનો એટલો મોટો મહીમાં છે કે કોઈ ખરા ભાવથી, વિશ્વાસથી, ભક્તિથી અને ઉદારતાથી આ વ્રતનો પ્રારંભ કરે તો થાક નો પણ અનુભવ નથી થતો. અને આ સાત દિવસ આનંદ, ઉલ્લાસ અને સહેલાઈથી પસાર થઈ જાય છે. તેમાં પણ જયારે ગોકુળ જેવું લેસ્ટર ગામ, શ્રી હિંદુ મંદિર જેવું પવિત્ર ધામ, શાસ્ત્રી દિલીપભાઈ જોષી જેવા જ્ઞાની કથાકાર અને તેમાં પણ ઉત્તમ પુરષોત્તમ માસમાં આ મહાન કાર્ય થાય તો બધાંજ સમજી શકે કે આ પ્રસંગ કેવો અનેરો હશે.

ભાગવત કથા નો બીજો અર્થ એટલે કુટુંબ મેળો. સાત દિવસ સુધી આપણા પૂર્વજોની યાદી, ભજન, કિર્તન, ભોજન સાથે જુદા જુદા પ્રસંગોની ઉજવણી આ પ્રસંગને કદી ન ભૂલાય તેવો યાદગાર બનાવે છે.

આમતો ભાગવત કથા આપણી કર્મભૂમી, ભારત માં જ થવી જોઈએ. જ્યાં આપણી ધરતી માતા અને પવિત્ર વહેતી ૪૨ નદીઓ, જેમાં આપણે આપણા દેહની શુધ્ધિ કરણ કરી આ પૂજાની શરૂઆત કરી શકીએ. પરંતુ આપણે ઈંગ્લેન્ડ ની ધરતી પર વસીએ છીએ. આપણા સગા-સબંધી, મિત્રો, પાડોશી પરિવાર અહીયાં હોવાથી આ પ્રસંગ અહીયાં મનાવીયે છીએ. કથામાં રોજ બધા વૈશ્નવો તથા ભાવી-ભક્તો સાથ સહકાર આપી આ પ્રસંગને દિપાવે છે. અને તે સ્થળ આખું ગુંજી ઉઠે છે. આ પ્રસંગથી જાણે સાક્ષાત દેવી દેવતાઓ પુષ્પ વર્ષા કરતાં હોય તેવું સુંદર વાતાવરણ લાગે છે.

જયારે સાત સાત જન્મોના પૂણ્ય હોય, વડીલોના આશીર્વાદ હોય ત્યારેજ આવું મોટું મનોરથ કરી શકાય છે. અને તેમાં પણ અંધશ્રધ્ધા વગર ભાગવતજી નું રસ પાન થાય તોજ જીવન અને વાણી ખરેખર પરિવર્તન થાય છે. જેવી રીતે પરીક્ષિત રાજાને આ કથા સાંભળવાથી મળ્યું.

દરેક શાસ્ત્રમાં શ્રેષ્ટ એજ શ્રીમત ભાગવત કથા પૂરણ.

ભારતીબેન બી. કોટેચા (લેસ્ટર)

ભાગવત ગીતા વિષે વિચારીએ

જીવાભાઈ લ. ઓડેદરા
લેસ્ટર

ભગવાન શ્રી કૃષ્ણ અને પાંડવ રાજકુમાર અર્જુન વચ્ચેના કુરુક્ષેત્રના યુદ્ધ મેદાનમાં થયેલ સંવાદને આપણે સૌ ભાગવત ગીતા તરીકે ઓળખીયે છીએ.

આ ભાગવદ ગીતા વર્તમાન યુગ માટે સનાતન સંદેશ પૂરવાર થવા લાગેલ છે.

હજારો વર્ષોથી અનેક સંતો અને મહાત્માઓ આ પવિત્ર કાર્ય વિષે ઊંડું ચિંતન કરતા આવ્યા છે અને ભવિષ્યમાં પણ આ પરંપરા ચાલુ રહેશે.

એક ઉડતી નજરે જોઈએ તો ભાગવદ ગીતાના ૧-૬ અધ્યાયો કર્મ સાથે જોડાયેલ છે, ૭-૧૨ અધ્યાયો જ્ઞાન સાથે જોડાયેલ છે અને છેલ્લા ૧૩-૧૮ અધ્યાયો ભક્તિ સાથે જોડાયેલ છે.

અર્જુન જયારે કુરુક્ષેત્રના મેદાનમાં આખરી વખત લડી લેવાની ઇચ્છાએ તૈયારીઓ કરીને આવે છે ત્યારે ભગવાન શ્રી કૃષ્ણને આજ્ઞા કરે છે અને કહે છે કે મારા રથને બંને સેનાઓ વચ્ચે લઈ જાવ, અહીં અર્જુન જાણવા માંગતો હશે કે એમની સામે લડવા માટે કોણે કોણે હિંમત કરી છે. એ પછી ભગવાન અર્જુનના રથને બે સેનાઓ વચ્ચે ઉભો રાખે છે અને કહે છે કે હે અર્જુન જો કુરુ વંશમાંથી કોણ કોણ લડવા આવ્યા છે.

અર્જુનને સામે ઉભેલ મહારથીઓ જોઈને એમના જીવનના પ્રસંગો યાદ આવે છે, એમને સબંધો યાદ આવે છે, અને ભાવુક બનીને મનના ઘોડાઓને દોડાવવા માંડે છે. આ લડાઈમાં ન લડવાની ઈચ્છા વ્યક્ત કરે છે અને એમની એ ઈચ્છાને સમર્થન આપતી દલીલો કરવા લાગે છે.

અર્જુનની વાતો સાંભળીને ભગવાન શ્રી કૃષ્ણ એમને વચનો દ્વારા ચાબખા મારે છે. હે અર્જુન આવી વિષમ પરિસ્થિતિમાં આ વર્તન તને શોભા નથી દેતું અને ભાવી પ્રજા તને માનની નજરે જોવાનું ટાળશે.

આપણે પણ અર્જુનની જેમ આશા અને નિરાશાના ભાર નીચે જીવીએ છીએ. આપણો અંતરાત્મા ભગવાન શ્રી કૃષ્ણની માફક આપણને સલાહ આપતો રહે છે પણ આપણે એ સલાહની અવગણના કરીએ છીએ. ભાગવદ ગીતામાં આપણને જાણવા મળે છે કે જયારે અર્જુનના મનની પરિસ્થિતિ લડવા લાયક ન હતી ત્યારે ભગવાને એક વ્હાલા સંબંધી અને મિત્ર તરીકે આગળનો રસ્તો બતાવવા માટે ખૂબજ મહેનત કરેલ.

ભગવાન શ્રી કૃષ્ણની વાતો સાંભળતા અર્જુને કહેલ કે હે મધુસુદન પવન ને રોકવો સહેલો છે પણ મનને રોકવું મુશ્કેલ અને અશક્ય છે. આ વાત આજે પણ સત્ય છે. આ સંસારમાં સૌથી મહત્વની સરહદ હોયતો એ છે કે દરરેક માનવીની ચામડીની બહારની દુનિયા અને અંદરની દુનિયા. જયારે બાળકનો જન્મ થાય છે ત્યારે કોઈ પણ જાતના લેબલ વગર જન્મે છે. અહીં ભગવાન આપણને પૂરાવો અર્પે છે અને જણાવતા કહે છે કે આજે પણ મે માનવ જાત ઉપરથી ભરોસો નથી ગુમાવ્યો. પાછળથી આપણે આ બાળકને લેબલ લાગડવા માંડીએ છીએ. તું હિંદુ છે, તું ભારતીય છે તું બીજા કરતા જુદો છે, તું ફલાણા સમાજનો છે, તું ફલાણા ગામનો છે વિગેરે વિગેરે.

આ પાંચ તત્વની કાયા અને આત્માને જોડતા શ્વાસ વિષે આપણે ભૂલી જઈએ છીયે.આપણી કાયા અને આત્માનો સંબંધ તૂટતાની સાથે એક ખાતરની કોથળી બની જાય છે. એ બાબત આપણે ભૂલી જઈએ છીએ. જે બાળક શ્વાસો શ્વાસ કોઈ પણ જાતની સહાય વગર કરી શકે છે એમને માટે આપણે રૂંધવતિ મર્યાદાઓ અને અનુકુલન કરવા લાગીએ છીએ. મોટા ભાગે આ અનુકુલન ચામડી બહારની દુનિયા સાથે જોડાયેલ હોય છે અને આ બાળકને મુંઝવી નાખીએ છીએ, અને આ બાળકને શ્વાસો શ્વાસની જે મજા માણવા મળતી હોય છે એ ભૂલાવી દઈએ છીએ.

અહીં આપણા વર્તનને ટાંકીને ભાગવદ ગીતામાં ભગવાન ચેતવણી આપે છે પણ આપણે આ ચેતવણીની અવગણના કરીએ છીએ. બીજા અધ્યાય ના ૬૨/૬૩ માં શ્લોક દ્વારા ભગવાન કહે છે કે જયારે તું કોઈ પણ વિષય ઉપર તારી ઈન્દ્રિયોને કેંદ્રિત કરીશ ત્યારે તને એ વિષય તરફ મોહ અથવા આકર્ષણ ઉત્પન્ન થશે અને જ્યારે તને ભાસ થશે કે એ વિષય તરફ કોઈ બીજો વ્યક્તિ પણ આકર્ષણ દર્શાવે છે, ત્યારે તને ક્રોધ ઉત્પન થશે. અને ક્રોધ ઉત્પન્ન થવાની સાથેજ તું સંયમ ગુમાવી દઈશ અને આ સાથેજ તારી બુદ્ધિ ભ્રષ્ટ થવા લાગશે જે તારા જીવનની છેલ્લી ઘડી બની રહેશે.

આપણે ભૂલી ગયાં છીએ કે કોઈ પણ વિચાર ઉત્પન્ન થાય એ પહેલા એ એક યાદી બની જાય છે -

Every thought is already a memory

છતાં પણ આપણે આ યાદીઓના ખજાના માટે મહેનત કર્યા કરીએ છીએ.

આજે આપણે ભૂલી ગયા છીએ કે ગમે એટલું મેળવીએ અને ગઈ કાલ અને આવતી કાલ વિષે ગમે એટલું વિચારીએ પણ અનુભવ બસ વર્તમાનનો જ કરી શકીએ છીએ

We can only ‘experience’ now.

આ સંસારમાં કોઈ પણ એવી વ્યક્તિ નથી કે ભૂતકાળ અથવા ભવિષ્યને અનુભવી શક્યા હોય. ભાગવદ ગીતામાં ભગવાન, અર્જુનને જણાવ્યા રાખે છે કે વિચાર, વાણી-વર્તન એક રાખવાં અને સર્વ કર્મો તું મને અપર્ણ કરી દે; હું તને દુખી નહી કરું.

આપણી કાયા પદાર્થમય દુનિયાથી વીંટણાયેલી છે. આ વિચારો વાદળાની માફક ઉત્પન થતાંની સાથેજ એટલીજ ગતિએ ટળી જતા હોય છે. ભગવાન શ્રી કૃષ્ણએ ભાગવદ ગીતા દ્વારા આપણને સ્પષ્ટ રીતે જણાવેલ છે, કે વિચારોને રોકવાની કોશિશ ન કરશો કારણકે એ અશક્ય છે. બસ તમારી વિચારવાની રીત ને બદલવાની ચાવી તમારા હાથમાં છે.

જે જ્ઞાનની ભગવાને વાત કરી છે એ જ્ઞાન મળતાની સાથે ‘મારું’ અને ‘હું’ નું મહત્વ ઘટી જાય છે. આ જ્ઞાન એટલે આપણા આત્માનું સાચું રૂપ ઓળખવાની રીત. અહીં એ કહેવું જરૂરી છે કે આત્માને શોધવાની જરૂર નથી બસ ઓળખવાની વાત છે.

જેવી રીતે ભગવાન ગણેશના વાહનરૂપી, ઉંદર, વસ્તુઓ એકઠી કર્યા કરે છે અને ભૂલ્યા કરે છે એવીજ રીતે આપણે ચામડીના બહારના સબંધોને જાળવી રાખવા માટે આપણા આત્માને ભૂલી ગયાં છીએ. બસ આગળ કહ્યા મુજબ આ પાંચ તત્વની કાયા અને આત્માનો સંબંધ જાળવી રાખતા પૂલરૂપી શ્વાસને ઓળખવાની જરૂર છે.

જ્યારે કોઈ પણ નદી નાની કે મોટી મહાસાગરને મળે છે, ત્યારે પોતાની ઓળખ ગૂમાવી દીએ છે અને મહાસાગર બની જાય છે.

જ્યારે અન્ન અને પાણી શરીરમાં જાય છે ત્યારે તે એની ઓળખ ગુમાવીને શરીર બની જાય છે. આવીજ રીતે આપણે આપણા શ્વાસોને ઓળખીને વિચારવાની રીત ને બદલવાની જરૂર છે. જ્યારે કાંઈ અણઘટતું અથવા ગમતું કાર્ય થતું હોય ત્યારે આપણી શ્વાસ લેવાની રીત બદલીને વિચારો બદલવાના છે. જે કાંઈ થઈ રહ્યું છે, એ જેટલું સારું જણાય છે એટલું સારું પણ નથી, અને જેટલું ખરાબ જણાય રહ્યું છે એટલું ખરાબ પણ નથી આ વિચારને કાયમી બનાવવાનો છે. આપણે ચામડીની અંદર ની દુનિયા અને ચામડીની બહારની દુનિયા વિષે વિચારવાનું છે.

આ બન્ને પ્રદેશોના કારોભાર વિષે નોંધ લેવાની આપણે જરૂર છે. જન્મ અને મરણના અવસરો વિષે વિચારવાની રીતને ઓળખવાની જરૂર છે. આપણે જીવનના અનુભવાતા શારીરિક રોગોને ઓળખવાની જરૂર છે.

આપણે જરૂર છે આધ્યાત્મિક દુનિયાના મંત્રીમંડળ દ્વારા ઉત્પન થતા વિચારો ને ઓળખવાની, આ મંત્રીમંડળના પાત્રો છે મન, બુદ્ધિ, ઈન્દ્રિયો, અહંકાર અને આત્મા. આપણે શરીરની બહારની દુનિયા વિષે જે વિચારો ધરાવીએ છીએ એમને ઓળખવાની જરૂર છે. આપણે જરૂર છે, કુદરતી આફતો બાબત આપણી વિચારવાની રીતને ઓળખવાની.

એક માનસીક રીતે જોઈએ તો આપણે સૌ જેલમાં છીએ. આ જેલમાંથી ભાગવા માટે આપણે સૌ મથીએ છીએ. પણ આ જેલ માંથી ભાગવાનો એકજ રસ્તો છે અને એ છે એક સુરંગ દ્વારા. પણ આ સુરંગ ક્યાં કરવી અને કેવી રીતે કરવી તેની માહિતી આપણે પહેલા મુક્ત થઈ ગયેલ વ્યક્તિઓ પાસેથી મળી શકે છે. આ મુક્ત વ્યક્તિઓને અમુક સંસ્થાઓ દ્વારા શોધી શકાય.

ભાગવદ ગીતામાં ભગવાન શ્રી કૃષ્ણએ જ્યારે અર્જુન સંપૂર્ણ રીતે શરણોમાં પડે છે, ત્યારે અર્જુનને મનરૂપી જેલમાંથી ભગવાને મુક્તિ મેળવવામાં મદદ કરી. ભગવાન શ્રી કૃષ્ણ આપણને ભાગવદ ગીતા દ્વારા જણાવે છે, કે મોક્ષ કોઈ એક સ્થળ કે વસ્તુ નથી બસ આપણી દુનિયાના સમ્રાટ પ્રધાનમંત્રીની ઓળખ થતાંની સાથેજ મોક્ષ મળી જાય છે.

આ સામ્રાજ્યના પ્રધાનમંત્રી એજ આપણો આત્મા. આશા રાખું છુ કે આ શબ્દો આપ સૌને આપના આત્માને ઓળખવા માટે મદદરૂપી થશે એ વિચાર સાથે અહીં વિરમુ છું

ભક્તિ એવી હોવી જોઈએ કે ઈશ્વર સાક્ષાત દર્શન આપે

એક ગામની બહાર ભગવાન લક્ષ્મીનારાયણનું એક જૂનું પણ સુંદર મંદિર હતું. એક જ્ઞાની અને એક ભક્ત ત્યાં નિયમિત સેવા-પૂજા કરતાં હતા. જ્ઞાની પોતાના જ્ઞાન પ્રમાણે ભગવાનનું સાંગોપાંગ પૂજન કરતો અને ભક્ત કે જેને જ્ઞાન તો કંઈ જ ન હતું, પણ તે ભગવાનની મૂર્તિઓની સેવા ઘણી તન્મયતાથી કરતો હતો. તે મંદિર જઈને વાસી ફૂલો ઉતારીને ભગવાનને ચંદનયુક્ત જળથી સ્નાન કરાવીને અત્તર લગાવતો, ભગવાનના અંગો પર અત્તરની માલિશ કરતો અને તેમને નવા પુષ્પોની માળા પહેરાવતો હતો. એક સેવકની જેમ તે તેમનું ધ્યાન રાખતો હતો.

ભાગ્ય પ્રમાણે, જ્ઞાની અને ભક્ત બંનેને ત્યાં એક સાથે એક રાતે ચોરી થવાની હતી અને તે સવારે જ જ્ઞાની ભગવાનના પૂજન માટે ગયો. ત્યારે ભગવાને તેને સંકેત કર્યો કે આજે રાત્રે તારા ઘરે ચોરી થવાની છે. માટે સાવધાન રહેજે. જ્ઞાનીએ કહ્યું કે ઠીક છે. પ્રભુ હું મારા જ્ઞાનના સહારે આ ઘટનાથી બચી જઈશ.

ભગવાનને પોતાના સહાયક માનીને પ્રસન્ન મનથી તે ઘરે જઈને ચોરીથી બચવાના માર્ગ શોધવા લાગ્યો. તેના ગયા બાદ ભક્ત મંદિર પહોંચ્યો. તે ઘણી તન્મયતાથી ભગવાન લક્ષ્મીનારાયણની સેવા કરવા લાગ્યો અને પૂજન કરીને તે ઘરે ચાલ્યો ગયો. તેના ગયા બાદ માતા લક્ષ્મીએ ભગવાન નારાયણને કહ્યું કે પ્રભુ બંને, જ્ઞાની અને ભક્ત સેવાપૂજા કરે છે. આજે બંનેના ઘરે ચોર ચોરી કરવા માટે હુમલો કરવાના છે. તમે જ્ઞાનીને સંકેત કરીને તો જણાવી દીધું છે કે તેના ઘરે ચોરનું આક્રમણ થશે. તે સાવધાન પણ થઈ ગયો છે. પરંતુ તમે તમારા ભક્તને ચોરના હુમલા સંદર્ભે કોઈ જ સંકેત આપ્યો નથી. તે બિચારો હજી પણ આ જોખમથી અજાણ છે.

માતા લક્ષ્મી દ્વારા આ પ્રકારે પૂછાયા બાદ ભગવાન નારાયણે કહ્યું કે ભગવતી આ જ્ઞાની અને ભક્ત બંને મારી સેવા કરે છે. તેમાં જ્ઞાનીને તો પોતાના જ્ઞાન પર ભરોસો છે. તેથી મે તેને જોખમનો સંકેત આપી દીધો છે કે તે તેના જ્ઞાનથી પોતાની રક્ષા કરે. પરંતુ જે મારો ભક્ત છે, તેને તો કેવળ મારો સહારો છે. તે તો રાત્રે આરામથી વિશ્રામ કરશે અને હું રાતભર તેના ઘરની બહાર ઊભો રહીને ચોરોથી તેની રક્ષા કરીશ. જેના કારણે મે તેને કંઈજ જણાવ્યું નથી.

સુવાક્ય

- પોતાના સ્વભાવને સરળ બનાઓ તો સર્વ કાર્ય સરળ થઈ જશે.
- જીવનમાં મધુરતાનો સ્વાદ અનુભવવા માટે જૂની વાતો પર પૂર્ણ વિરામ લગાઓ.
- તમારું વર્તમાન સારું રાખો તો આવનારો સમય પણ સારોજ આવશે.
- આપણે પોતાની પ્રગતી માટે વધારે સમય આપશું તો બીજાની નિંદા કરવોનો સમય જ નહી રહે.
- બીજાની ભૂલોને ક્ષમા કરી ભૂલી જવું તે મહાનતા છે.
- તમારો અંતરઆત્મા તમારો સાચો મિત્ર છે. તેની વાત વારં વારં સાંભળો.
- બીજાના વિચારોને સમ્માન આપો તો તે તમારા મદદકાર બની જશે.
- સત્યતાની નાવડી હલશે ડૂલશે પણ ડૂબશે નહીં.
- સારા ગુણ સૌથી મોટું ધન છે. સહનશીલતા તે જ મહાન ધારણા છે.
- અશબ્દો નો ઉપયોગ કરવાનો અર્થ એ છે કે તમારામાં સાચો અથવા સારો શબ્દ વાપરવાની શક્તિ નથી.
- બધાની ચિંતાઓને દૂર કરનારા શુભ ચિંતક બનો.
- સદા પરમાત્માના સાનિધ્ય માં રહો અને પ્રભુને પોતાનો સારથી બનાવો.
- લાટ્રસ્ટી એજ છે જેનામાં સેવા કરવાની શુધ્ધ ભાવના છે.

આશા છે કે તમે ઉપર આપેલા દરેક સુવ્યકોનો જીવનમાં જરૂર ઉપયોગ કરશો.

Yoga Changed My Life

I sought stillness amongst the chaos...

My name is Abi Mills and I'm an Essex based ashtanga yoga teacher in the UK. I hold classes in local gyms and studios and I also teach privately.

Before I discovered yoga I was a keen martial artist for many years building strength and self discipline in my practice. During this time I worked long hours in the city and I sought stillness amongst the chaos which filled my day.

I started spending my lunch hours in the gym to unwind where I quickly discovered yoga. I couldn't believe I had never tried this before!

It was everything I was looking for, and far more than just a regular work out at the gym.

Not only did my body feel better after sitting hunched at my desk most of the day, but I found peace. I was astonished how quickly my body was changing, not only did I have more strength than I did after five years of martial arts but I was also healthier.

My immune system became stronger, my energy levels became higher and my mind became clearer and sharper.

Slowly over the years my practice became deeper, more focused and eventually it became a way of life.

My yoga practice continued throughout two pregnancies where I learnt the deeply calming benefits of yoga and meditation and some invaluable relaxation techniques.

After being blessed with two beautiful babies life was changing for me.

